RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 43* Date: 09.12.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## તમિલનાડુના કુન્નૂરમાં સેનાનું હેલિકોપ્ટર ક્રેશ થયું

# દેશના પહેલા CDSનું નિધન:હેલિકોપ્ટર ક્રેશમાં જનરલ બિપિન રાવત, પત્ની મધુલિકા સહિત ૧૩નાં નિધન

કુન્નુર

ઈન્ડિયન એરફોર્સે CDS બિપિન જનરલ રાવતના મોતની પુષ્ટી કરી દીધી છે. ઈન્ડિયન એરફોર્સે ટ્વિટ કરીને કહ્યું છે કે, આ દુર્ઘટનામાં બિપિન રાવત સહિત ૧૩ લોકોના મોત થયા છે. આ ઘટનામાં ગ્રુપ કેપ્ટન વરુણ સિંહની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. જોકે તેમની સ્થિતિ પણ ઘણી ગંભીર જણાવવામાં આવી છે.

રક્ષાસૂત્રોના જણાવ્યા પ્રમાણે જનરલ રાવતના નિધનની ખબર જાહેર કર્યા પછી વડાપ્રધાન સુરક્ષા મામલે કેબિનેટ કમિટી એટલે કે ઝઝજીની સાંજે ૬.૩૦ વાગે બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠકમાં મોતની ઔપચારિક જાહેરાત કરવામાં આવશે.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી- અમિત શાહે ટ્વિટ કરી દુખ વ્યક્ત કર્યું

તામિલનાડુના કુન્નુરના જંગલમાં બુધવારે બપોરે લગભગ ૧૨:૨૦ વાગ્યે સેનાનું MI-17V5 હેલિકોપ્ટર ક્રેશ થઈ ગયું હતું. ગાઢ જંગલમાં હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયા પછી એમાં આગ લાગી ગઈ હતી. એમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ બિપિન રાવત, તેમનાં પત્ની મધુલિકા સહિત સેનાના ૧૪ ઓફિસર સવાર હતા. રિપોર્ટ્સ મુજબ, અત્યારસુધીમાં ૧૩ મૃતદેહ મળ્યા છે.

દુર્ઘટના પછી લગભગ એક કલાક બાદ આ જાણકારી આપવામાં આવી કે જનરલ રાવતને વેલિંગ્ટનની મિલિટરી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. તેમની હાલત કેવી છે એ અંગે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નહતું. કેટલાક રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો છે કે જનરલ બિપિન રાવત ગંભીર રીતે ઘાયલ છે. રક્ષામંત્રી રાજનાથ સિંહ જનરલ રાવતના દિલ્હી સ્થિત ઘરે તેમના પરિવારને મળવા પહોંચ્યા હતા. આ દુર્ઘટના અંગે તેઓ સંસદમાં ગુરુવારે નિવેદન આપશે.





જનરલ બિપિન રાવત દેશના પહેલા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ હતા. તેમણે ૧લી જાન્યુઆરી ૨૦૨૦ના રોજ પદ સંભાળ્યું હતું. રાવત ૩૧ ડિસેમ્બર ૨૦૧૬થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ સુધી સેના-પ્રમુખપદે રહ્યા હતા.

હજુ જનરલ બિપિન રાવત અંગે કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નહતું, પરંતુ સેનાનાં સૂત્ર અને કેટલાક પૂર્વ અધિકારીઓએ જનરલ બિપિન રાવતના મોતને લઈને ટ્વીટ કરી દીધું છે. રિટાયર્ડ લેફ્ટનન્ટ જનરલ એચએસ પનાગે જનરલ બિપિન રાવતને ટ્વીટ કરી શ્રદ્ધાંજલિ આપી હતી.

ન્યૂઝ એજન્સી ANI મુજબ, હેલિકોપ્ટર સુલુર એરબેઝથી વેલિંગ્ટન જઈ રહ્યું હતું. હેલિકોપ્ટર બપોરે ૧૨:૨૦ વાગ્યે ક્રેશ થયું, જ્યારે એ લેન્ડિંગ સ્પોટથી માત્ર ૧૦ કિલોમીટર જ દૂર હતું. ઘટનાસ્થળે ડોકટર્સ, સેનાના અધિકારી અને કોબરા કમાન્ડોની ટીમ હાજર છે. જે મૃતદેહ મળી આવ્યા છે એની ઓળખ કરવામાં આવી રહી છે, કેમ કે આ મૃતદેહ ૮૫% બળી ગયા છે. કેટલાક વધુ શબ ખીણમાં જોવા મળ્યા છે. દુર્ઘટનાનાં જે દૃશ્યો સામે આવ્યાં છે એમાં હેલિકોપ્ટર સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત જોવા મળી રહ્યું છે અને એમાં આગ લાગી ગઈ હતી.ન્યૂઝ એજન્સી ANIના જણાવ્યા મુજબ, હેલિકોપ્ટર સુલુર એરબેઝથી વેલિંગ્ટન જઈ રહ્યું હતું. હેલિકોપ્ટર બપોરે ૧૨.૨૦ વાગ્યે ક્રેશ થયું હતું. હેલિકોપ્ટર લેન્ડિંગ સ્પોટથી માત્ર ૧૦ કિલોમીટર દૂર હતું.

એમાં ૧૪ ટોચના અધિકારી સવાર હતા. ઘટનાસ્થળે ડોક્ટરોની ટીમ સાથે સેનાના અધિકારીઓ પણ પહોંચી ગયા છે. પ્રાથમિક તપાસમાં ૨ મૃતદેહ મળ્યા હતા, જે ૮૦% સળગી ગયા છે. એની ઓળખ કરાઈ રહી છે. અમુક મૃતદેહો પહાડ પરથી નીચે દેખાઈ રહ્યા છે.

ગયા મહિને પણ MI-17 ક્રેશ થયું હતું, એમાં સવાર તમામ ૧૨ લોકો માર્યા ગયા હતા

એક મહિનામાં દેશમાં આ બીજીવાર MI-17 હેલિકોપ્ટર ક્રેશ થયું છે. આ પહેલાં ૧૯ નવેમ્બરના રોજ અરુણાચલ પ્રદેશમાં સેનાનું હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આ ઘટનામાં એમાં સવાર તમામ ૧૨ લોકોનાં મોત થયાં હતાં.

## કોરોનાના ૨૪ કલાકમાં ૮૪૩૯ નવા દર્દી મળ્યા

નવીદિલ્લી,તા.૮

કોવિડ વેક્સીનેશનમાં મહારત મેળવી ચૂકેલ ભારતમાં કોરોના વાયરસના સંક્રમણના કેસ અટકી નથી રહ્યા. રોજેરોજ તેની સંખ્યા વધી-ઘટી રહી છે. આરોગ્ય મંત્રાલય તરફથી જણાવવામાં આવ્યુ છે કે છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી ૮૪૩૯ નવા કેસ નોંધવામાં આવ્યા. વળી, ૯૫૨૫ રિકવરી થઈ. કાલના દિવસે ૯૫ મોત પણ નોંધવામાં આવ્યા. આ સાથે જ સરકારી આંકડાઓમાં અત્યાર સુધી ૪,૭૩,૯૫૨ લોકોના જીવ જઈ ચૂક્યા છે.

નવા કેસની વાત કરીએ તો તે હાલમાં ૯ હજારના ગ્રાફથી ઉપર છે. જેમાં કેરળમાં સૌથી વધુ દર્દીઓ આવી રહ્યા છે. તમને જણાવી દઈએ કે કેરળ એ જ રાજ્ય છે જ્યાં દેશનો સૌથી પહેલો કોરોના દર્દી મળ્યો હતો. લગભગ ૨ વર્ષ પછી પણ કેરળ કોરોનાની સર્વાધિક માર સહન કરી રહ્યુ છે. આરોગ્ય મંત્રાલયના રિપોર્ટ મુજબ કાલે કેરળ રાજ્યમાંથી કોરોનાના ૬૮ નવા કેસ નોંધવામાં આવ્યા. આ ઉપરાંત ૧૩૪ મોત થયા. અત્યાર સુધી અહીં ૪૧૯૦૨ મોત થઈ ચૂક્યા છે.

દેશમાં રાહતની વાત એ છે કે હવે કોરોના વાયરસના સંક્રમણના સક્રિય દર્દીઓની સંખ્યા ૧ લાખથી ઓછી છે. આજે આરોગ્ય મંત્રાલય તરફથી જણાવવામાં આવ્યુ છે કે ભારતમાં સક્રિય દર્દીઓની સંખ્યા હાલમાં ૯૩,૭૩૩ છે જે થોડા દિવસ પહેલા ૧ લાખથી વધુ હતી. વળી, દેશનો કોવિડ રિકવરી રેટ હવે ૯૮.૩૬ ટકા છે. આ ઉપરાંત કોરોના વાયરસના સંક્રમણના દેશભરમાં નોંધાયેલા કુલ કેસોની વાત કરીએ તો આ આંકડો ૩.૪૧ કરોડ થઈ ગયો છે. જેમાંથી ૩,૪૦,૮૯,૧૩૭ દર્દી ડિસ્ચાર્જ થઈ ચૂક્યા છે.

## રિઝર્વ બેંક સતત ૧૦મી બેઠકમાં પોલિસી રેટ સ્થિર રાખ્યા



મુંબઈ,તા.૮

રિઝર્વ બેંકની મોનેટરી પોલિસી કમિટીએ સતત ૧૦મી બેઠકમાં પોલિસી રેટ સ્થિર રાખ્યા છે. આ બેઠક એવા સમયે થઈ છે જ્યારે દોઢ વર્ષથી વધુ સમય સ્થિર રહ્યા બાદ વ્યાજદરમાં વધારો કરવાનું દબાણ હતું. બીજી તરફ, કોરોનાના નવા ઓમિક્રોન વેરિઅન્ટે ફરીથી અર્થવ્યવસ્થાના પડકારો ઉભા કર્યા છે. મોનેટરી પોલિસી કમિટીની બેઠક બાદ બુધવારે રિઝર્વ બેક્ક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતુ કે રિઝર્વ બેક્કે રેપો રેટ અને રિવર્સ રેપો રેટમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. કોઈ ફેરફાર કર્યો નથી.

મોનેટરી પોલિસી કમિટીની બેઠક બાદ બુધવારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસે વ્યાજ દરો અંગે લેવાયેલા નિર્ણયોની જાહેરાત કરી હતી અને મોંઘવારીથી પીડિત સામાન્ય લોકોને કોઈ રીતે રાહત આપવામાં આવી નથી. પરિણામોની જાહેરાત કરતા શક્તિકાંત દાસે કહ્યું કે રિઝર્વ બેંકે રેપો રેટ અને રિવર્સ રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. જણાવી દઈએ કે આરબીઆઈના આ નિર્ણય બાદ વ્યાજ દરોમાં કોઈ ફેરફાર થશે નહીં. એમપીસીની બેઠક બાદ આરબીઆઇ ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું, 'મોનેટરી પોલિસી કમિટીએ રેપો રેટને ૪ ટકા પર રાખવા સર્વસંમતિથી મતદાન કર્યું હતું. રિવર્સ રેપો રેટ પણ ૩.૩૫ ટકા પર યથાવત રાખવામાં આવ્યો છે. આ સાથે, માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી અને બેંક દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તેને ૪.૨૫ ટકા રાખવામાં આવ્યો છે.

## સુપ્રીમ કોર્ટે જિલ્લા અને રાજ્ય ગ્રાહક કમિશનમાં તમામ ખાલી જગ્યાઓ ભરવાનો નિર્દેશ આપ્યો

નવીદિલ્હી,તા.૮

સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર સિવાયના તમામ રાજ્યોને જાન્યુઆરી ૨૦૨૨ના અંત સુધીમાં જિલ્લા અને રાજ્ય ગ્રાહક કમિશનમાં તમામ ખાલી જગ્યાઓ ભરવાનો નિર્દેશ આપ્યો હતો.

જસ્ટિસ એસ કે કૌલ અને એમએમ સુંદરેશની બેન્ચે અવલોકન કર્યું કે મોટી સંખ્યામાં રાજ્યો નિમણૂક પ્રક્રિયા પૂર્ણ કરવાની નજીક છે. તમિલનાડુ અંગે સર્વોચ્ચ અદાલતે કહ્યું કે મદ્રાસ હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશને કેટલાક ન્યાયાધીશોની નિમણૂક કરવી પડશે. રાજ્ય સરકારે આ અંગે તાત્કાલિક કાર્યકારી મુખ્ય ન્યાયાધીશનો સંપર્ક કરવો જોઈએ, અમે આશા રાખીએ છીએ કે નામાંકન તાત્કાલિક કરવામાં આવશે.

આ કેસમાં ન્યાયના મિત્ર બનેલા એડવોકેટ આદિત્ય નારાયણે આયોગમાં સભ્યોની નિમણૂકોને લઈને સર્વોચ્ચ અદાલતમાં વ્યાપક સ્ટેટસ રિપોર્ટ રજૂ કર્યો હતો.

## અમિત શાહને સત્ય બતાવવાની હિંમ્મત નથી અથવા તેમણે જાણી જોઈ જનતાને ભ્રમિત કરવાનો પ્રયાસ કર્યો છે : ગહલોત

જયપુર,તા.૮

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના રાજસ્થાન સરકારના કામકાજને લઈ લગાવવામાં આવેલા આરોપો પર મુખ્યમંત્રી અશોક ગહલોતે પલટવાર કર્યો છે.મુખ્યમંત્રી અશોક ગહલોતે અમિત શાહના આરોપોને ખોટા બતાવતા કહ્યું કે ગૃહમંત્રીને રાજસ્થાનની બાબતમાં કોઇ માહિતી નથી

ગહલોતે કહ્યું કે મને આશ્ચર્ય થઇ રહ્યું છે કે અમિત શાહને શું થઇ ગયું છે લાગે છે કે પ્રદેશ ભાજપે તેમને સત્યથી માહતિગાર કરાવ્યા નથી અથવા તો તેમનામાં સત્ય બતાવવાની હિમ્મત નથી અથવા તેમણે જાણી જોઇ જનતાને ભ્રમિત કરવાનો પ્રયાસ કર્યો છે.

ગહલોતે કહ્યું કે કોવિડ દરમિયાન રાજસ્થાન સામાન્ય નાગરિકોને રાહત અપાવવામાં સૌથી આગળ રહ્યું છે તેમણે કહ્યું કે અમિત શાહને ખબર હોવી જોઇએ કે કોવિડ દરમિયાન પ્રદેશ સરકારે ૧૮૬૬ કરોડ રૂપિયા વહન કરી ૩૩ લાખ પરિવારોને ૫૫૦૦ રૂપિયા પ્રતિ પરિવવાર આપ્યા કોવિડના કારણે અનાથ થયેલ બાળકો અને વિધવા થયેલ મહિલાઓ માટે સરકારે વિશેષ પેકેજ જારી કર્યું છે. ગહલોતે કહ્યું કે અનાજ બાળકોને એક લાખ રૂપિયા તાકિદે અને ૧૮ વર્ષ થવા પર પાંચ લાખની સહાયતા,૧૮ વર્ષની વય સુધી ૨૫૦૦ રૂપિયા પેન્શન,૨૦૦૦ રૂપિયા પ્રતિ વર્ષ સ્કુલ ડ્રેસ અને પુસ્તકો માટે આપવામાં આવ્યા છે વિધવા મહિલાઓને ૧ લાખ રૂપિયા તાકિદે,૧૫૦૦ રૂપિયા પ્રતિ મહીને પેન્શન તથા તેમના બાળકોને ૧૦૦૦ રૂપિયા પ્રતિ મહીને પેન્શન આપવામાં આવી રહ્યું છે.

પીએમ કેયર વેટિલેટર્સ પર ગહલોતે કહ્યું કે અમિત શાહે પીએમ કેયર વાળા વેટિલેંટર્સનો મુદ્દો ઉઠાવવાની જગ્યાએ એ જવાબ આપવો જોઇએ કે દર્દીઓના જીવ સાથે ખિલવાડ કરનારા આ ખરાબ વેટિલેંટર કેન્દ્ર સરકારે કોની પાસેથી ખરીદ્યા,રાજસ્થાન મધ્યપ્રદેશ પંજાબ ઉત્તર પ્રદેશ સહિત તમામ રાજયોએ આ વેટિલેંટર્સ ખરાબ હોવાની ફરિયાદ કરી હતી પરંતુ આજ સુધી સામે આવ્યું નથી કે આ ખરાબ વેટિલેટર્સને બનાવનારા કોણ હતાં. પેટ્રોલ ડીઝલની કીમતો પર ગૃહ મંત્રીના નિવેદન પર મુખ્યમંત્રીએ કહ્યું કે પેટ્રોલ ડીઝલ પર અમારી સરકારે ૨૯ જાન્યુઆરીએ ૨ ટકા વેટ ત્યારે ઓછી કર્યા જયારે કોઇ અન્ય રાજયોએ કર્યા ન હતાં. ત્યાર પ્રદેશ સરકારને ૧૦૦૦ કરોડની મહેસુલનું નુકસાન થયું કેન્દ્ર સરકારે ૨ નવેમ્બરે એકસાઇઝ ડયુટી ઓછી કરવાથી પણ પ્રદેશને ૧૮૦૦ કરોડનું નુકસાન થયું જનહિતમાં ૧૬ નવેમ્બરે ફરી ડીઝલ પર પાંચ રૂપિયા અને પેટ્રોલ પર ચાર રૂપિયા વેટ ઓછો કાર્યા જેથી પ્રદેશ સરકારને ૩૫૦૦ કરોડ રૂપિયાનું મહેસુલી નુકસાન થયું અત્યાર સુધી ૬૩૦૦ કરોડના મહેસુલનું નુકસાન થઇ ચુકયુ છે આમ છતાં અમારી માંગ છે કે કેન્દ્ર સરકાર પેટ્રોલના ભાવ ૧૦ રૂપિયા અને ડીઝલના ભાવ ૧૫ રૂપિયા ઓછા કરે જેથી સામાન્ય જનતાને રાહત મળે. પેટ્રોલ ડીઝલના ૧૦૦ રૂપિયાથી વધુ લઇ જનાર મોદી સરકારના ગૃહ મંત્રીને આ મુદ્દા પર જનતાને ગુમરાહ કરવાનો કોઇ અધિકાર નથી

## યુએઈમાં કામકાજનું સપ્તાહ સોમથી શુક્ર રહેશે

દુબઈ,તા.૦૮

જાન્યુઆરી મહિનાથી અમલમાં આવનાર યુએઇ સરકારના આ નિર્ણયના કારણે તે અખાત પ્રદેશમાં પશ્ચિમની પદ્ધતિએ કામકાજનો સમયગાળો નક્કી કરનાર જૂજ સ્થળો પૈકીનું એક બની જશે, કેમ કે અખાત પ્રદેશમાં આવેલા મોટાભાગના આરબ દેશોએ સત્તાવાર રીતે કામકાજના સપ્તાહ તરીકે રવિવારથી ગુરૂવારનો સમય નક્કી કર્યો છે. સરકારી કર્મ્ચારીઓને શુક્રવારના રોજ અડધો દિવસ કામ કરવાનું રહેશે અને ત્યારબાદ તેઓ શનિવાર અને રવિવાર વીકએન્ડ તરીકે મનાવશે એમ સરકાર દ્વારા કરવામાં આવેલી જાહેરાતમાં કહેવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે શુક્રવાર આરબ રાષ્ટ્રો માટે સૌથી મહત્વનો દિવસ ગણાય છે કેમ કે તે દિવસે તમામ મુસ્લિમો ફરજિયાત નમાઝ અદા કરે છે.

સરકારના આ નિર્ણયનો યુએઇની શાળાઓ અને ખાનગી ઉદ્યોગો અક્ષરસઃ પાલન કરશે. જો કે ઈરાન અને અફઘાનિસ્તાન જેના દેશોમાં આજે પણ કામકાજનું સપ્તાહ શનિવારથી બુધવાર સુધીનું અમલમાં છે.યુનાઇટેડ આરબ અમિરાત (યુએઇ)ની સરકારે મંગળવારે કહ્યું હતું કે હવેથી સત્તાવાર રીતે કામકાજનું સપ્તાહ સોમવારથી શુક્રવાર સુધીનું રહેશે. યુએઇની સરકાર દ્વારા કરવામાં આવેલો આ સૌથી મોટો નીતિવિષયક ફેરફાર છે જેના કારણે હવે તે પશ્ચિમના દેશોની હરોળમાં આવી જશે, એટલું જ નહીં પરંતુ આ ફેરફાર સાથે તે પશ્ચિમના દેશોનું અનુકરણ કરનાર સૌ પ્રથમ આરબ રાષ્ટ્ર પણ બની જશે.

## ઓમિક્રોન વેરિએન્ટ પર ફાઈઝર વેક્સિનની અસર ખૂબ ઓછી

નવીદિલ્હી,તા.૦૮

કોરોના વાયરસના ઓમિક્રોન વેરિએન્ટ પર હજુ પણ મંથન ચાલી રહ્યું છે કે, તે પૂર્વવર્તી ડેલ્ટા વેરિએન્ટ કરતાં કેટલો ખતરનાક છે. આ બધા વચ્ચે ઓમિક્રોન પર વેક્સિન અંગે એક અભ્યાસ થયો છે. દક્ષિણ આફ્રિકામાં આવેલા આફ્રિકા હેલ્થ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ દ્વારા ફાઈઝર વેક્સિન પર આ અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે, ફાઈઝર વેક્સિનના ૨ ડોઝની ઓમિક્રોન પર આંશિક અસર જ છે. આ અભ્યાસમાં વધુ એક વાત પણ સામે આવી છે કે, જે લોકોએ વેક્સિનના બંને ડોઝ લીધા હતા અને પહેલેથી ઈન્ફેક્શન હતું તેવા મોટા ભાગના કેસમાં વેરિએન્ટને અસરહીન કરી દેવાયો. સ્ટડીમાં એવું સૂચન પણ કરવામાં આવ્યું છે કે, વેક્સિનનો બુસ્ટર ડોઝ વેરિએન્ટ સામે બચાવી શકે છે. આફ્રિકા હેલ્થ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટના પ્રોફેસર એલેક્સ સિગલે જણાવ્યું કે, ઓમિક્રોન વેરિએન્ટને અસરહીન કરવા મામલે એક મોટો ઘટાડો જોવા મળ્યો છે જે પહેલાના કોવિડ સ્ટ્રેનની સરખામણીએ વધારે છે.



## તંત્રી સ્થાનેથી...

# શહેરી વિસ્તારોની વધુ પડતી વસ્તીને કારણે અસંખ્ય સમસ્યાઓ ઊભી થઈ છે



*વિશ્વના ઘણા દેશો હાલમાં શહેરી વિસ્તારોમાં ઝડપથી વધી રહેલી વસ્તીને કારણે સમસ્યાઓનો અનુભવ કરી રહ્યા છે, અને સરકાર અને વ્યક્તિ બંનેની ફરજ છે કે આ સમસ્યાઓને દૂર કરવાના માર્ગો શોધે.*

*વધુ પડતી વસ્તી ઘણા મોટા શહેરોમાં ભીડભાડ અને નબળી ગુણવત્તાવાળા આવાસ તરફ દોરી શકે છે. ખરાબ રીતે ગરમ અથવા ભીના આવાસને કારણે નોંધપાત્ર સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ શકે છે, જેના પરિણામે બ્રોંકાઇટિસ અથવા ન્યુમોનિયા જેવી બીમારી થઈ શકે છે. ભીડનું બીજું ગંભીર પરિણામ એ વધતો ગુનાખોરીનો દર છે કારણ કે જીવનની નબળી સ્થિતિ ખાસ કરીને યુવાનોને ભયાવહ પગલાં લેવા અને અપરાધ અથવા ડ્રગ્સ તરફ વળવા તરફ દોરી શકે છે.*

*ઉકેલોના સંદર્ભમાં, હું માનું છું કે સરકાર મોટાભાગે જવાબદાર હોવી જોઈએ. સૌપ્રથમ, તે મહત્વપૂર્ણ છે કે રાજ્ય તેના તમામ નાગરિકો માટે આવશ્યક આવાસ અને આરોગ્યસંભાળ પ્રદાન કરે. બીજું, વધુ સામુદાયિક ભાવનાને ઉત્તેજન આપવા અને યુવાનોને શેરીમાંથી દૂર રાખવામાં મદદ કરવા માટે સામુદાયિક પ્રોજેક્ટ્સની સ્થાપના એ એક સારો વિચાર છે. ઉદાહરણ તરીકે, યુવા ક્લબ અથવા કિશોરો માટે સાંજના વર્ગો તેમને વ્યસ્ત રાખશે. અંતે, શહેરના આંતરિક વિસ્તારોની વધુ અસરકારક પોલીસિંગ પણ ફાયદાકારક રહેશે.*

*સ્વાભાવિક રીતે, વ્યક્તિઓએ પણ આ સમસ્યાઓને દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ. સરકાર પર દબાણ લાવવાનો એક રસ્તો એ છે કે તેઓ સમસ્યાઓનો ઉકેલ લાવે, દાખલા તરીકે, લોબી કરવા માટે એક્શન ગ્રુપ બનાવીને. સરકાર અને વિનંતી દરમિયાનગીરી અને પર્યાપ્ત ભંડોળ. તેઓ ગુનાના ઉચ્ચ સ્તરને ઘટાડવાનો પ્રયાસ કરવા અને મદદ કરવા માટે નેબરહુડ વોચ વિસ્તારો પણ બનાવી શકે છે.*

*આથી આ મુદ્દાનો ઉકેલ લાવવા સરકારોના શ્રેષ્ઠ હિતમાં છે. સમસ્યાનો એક સ્પષ્ટ ઉકેલ એ રેલ-આધારિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ છે, જે પરિવહનનું એક સાધન પૂરું પાડે છે જે ધુમ્મસ પેદા કરતું નથી. આવા રોકાણમાં સાર્વજનિક પરિવહન બંનેનો સમાવેશ થવો જોઈએ, ઉદાહરણ તરીકે, લાઇટ-રેલ અથવા ટ્રેન અને માલસામાનનું રેલ-આધારિત પરિવહન. વધુમાં, ધુમ્મસના જોખમો વિશે લોકોને વધુ સારી રીતે શિક્ષિત કરવા માટે સરકારો જાહેર આરોગ્ય અભિયાનો શરૂ કરી શકે છે, જેમાં જાહેરાતનો સમાવેશ થાય છે.*

*તેથી, તે સ્પષ્ટ છે કે શહેરી વિસ્તારોમાં વધુ પડતી વસ્તીને કારણે થતી સમસ્યાઓ ખૂબ જ ગંભીર છે. તેમ છતાં જો સરકારો અને વ્યક્તિઓ સામૂહિક જવાબદારી વહેંચે છે, તો પછી કેટલાક ઉકેલો આપવાનું શક્ય બનશે.*

# જીવનની મદમસ્ત ઘટાઓનું આંખના અમીરસથી દર્શન કરાવનાર કવિ



કાવ્ય માધુર્ય

ડૉ. કિશોર પંડ્યા

નયણાં
ઊનાં રે પાણીનાં અદભૂત માછલાં
એમાં આસમાની ભેજ,
એમાં આતમાનાં તેજઃ
સાચાં તો યે કાચાં જાણે કાચનાં બે કાચલાઃ
ઊનાં રે પાણીનાં અદભૂત માછલાં.
સાતે રે સમંદર એના પેટમાં,
છાની વડવાનલની આગ,
અને પોતે છીછરાં અતાગ
સપનાં આળોટે એમાં છોરું થઈને ચાગલાં :
ઊનાં રે પાણીનાં અદભૂત માછલાં.
જલના દીવા ને જલમાં ઝળહળે,
કોઈ દિન રંગ ને વિલાસ,
કોઈ દિન પ્રભુ ! તારી પ્યાસ,
ઝેર ને અમરત એમાં આગલાં ને પાછલાંઃ
ઊનાં રે પાણીનાં અદભૂત માછલાં.
વેણીભાઇ પુરોહિત

વરસાદના આગમન સાથે જ લોકોના હૈયામાં અનેરા થનગનાટનો સંચાર થાય છે. આભથી વરસતી ધારા સાથે ભીંજાઈને તરબોળ થયેલાંલોકો મનથીઅને તનથી એકબીજા પ્રત્યેનો સઘળો રોષ નિતારી દઈને ઓળઘોળ થવા લાગે છે. લોકોના મન પર રાજ કરતું મુગ્ધમયતા ભર્યું ગીત ભીજાયેલી હવામાં ફરફરવા લાગે છે.

તારી આંખનો અફીણી,
તારા બોલનો બંધાણી,
તારા રૂપની પૂનમનો
પાગલ એકલો

વોટ્સ એપ પર આજે વાયરલ થયેલું આનીલમ ફિલ્મસ, દીવાદાંડીનું ગીત, વેણીભાઈએ લખ્યું,અજિત મરચન્ટઅને દિલિપ ધોળકિયાએ સ્વરબધ્ધ કર્યું. યુ-ટ્યુબ પર લાખો લોકોએ નિહાળ્યું છે. આ વાત ત્યારેજ શક્ય બને કે જયારે કવિની કવિતાના શબ્દોમાં લોકોના હ્રદયને ઝંકૃત કરવાની લાગણીસભર તાકાત હોય. યૌવનની મસ્તીભરેલા આ ગીતમાં કવિએ વાર્ધક્યનું પગલું પણ ભરેલું છે.

રૂપ જાય આગળથી પાછળ ,
જાય જુવાની બીતી,
પ્રીતવાવડી સદા છલકતી,
જાય જિન્દગી પીતી,
તારાં હસમુખડાં ઝીલું છું
ઘાયલ એકલો.

આગળ કવિ કામણના દીપક ઠરી ગયા પછી આત્માને પરમાત્મા સાથે જોડાવા નવાં નૂરનો નાતો કહી પોતાના આ સદાબહાર ગીતને એવરેસ્ટની ઊંચાઈ સુધી પહોંચાડે છે.

ઠરી ગયા કામણના દીપક,
નવાં નૂરનો નાતો,
ઝલક ગઈ મન પામરતાની,
નવી આરતી ગાતોઃ
તારી પાનીને પગરસ્તે
ચાલુ એકલો.

એમણેઆવા તો અનેક ગીતો ઉપરાંત ભજન,ગઝલ, સોનેટો પણ લખ્યાં છે. વર્ષાનું આકર્ષણ હોવાથી આ કવિ વરસાદને નિમંત્રણ આપવાથી લઈને એમાં ભીજાઈને મસ્ત થવા સુધી ભાવકને ખેંચી જાય છે. કોઈની નાડીના ધબકારા ક્યાં પાયલ પહેરે છે;એમ પૂછતા આગળ મોર, દિલ અને આંખ પણ ઝાંઝર પહેર્યા વિના નાચે છે એમ કહે છે. આવા સ્થૂળ પ્રણય શૃંગાર પછી એમનું સૂક્ષ્મ પ્રેમનું ચિંતન બોલી ઊઠે છે. "તન નાચે પણ મન ના નાચે, પગ નાચે પણ પ્રાણ ન નાચે, ભીતરના ઝાંઝર વિનાના રુમઝુમમાં નહીં રાચું રે ઘાયલ, લઈ લે પાયલ પાછું." આ પ્રકારનો લય અને પ્રાસ-અનુપ્રાસ વેણીભાઈમાં વિશેષ જોવા મળે છે.

મેઘરાજાની સવારી જયારે આંગણામાં આવે છે; ત્યારે કવિ કહે છેઃ

હરિયાળાં થઈ હૈયાં નાચે
રઢિયાળાં થઈ છૈયાં નાચે,
વાદળ વચ્ચે માથાભારે,
વીજ નાચે વટકેલ.

ટાઢું ટાઢું તો ય હુંફાળું,
રૂદિયામાં રમખાણ રૂપાળું,
આંખમાં મીઠી તો ય નશીલી
લીલીછમ્મ મસ્તી નાખે ટેલઃ
આંગણે આવી મેઘરાજાની
ઘમક ઘૂઘરવેલ.

વેણીભાઈની કવિતામાં લયાન્વિત શબ્દો ભાગીરથીની જેમ ઊતરી આવતા હોય એમ લાગે. વળી એમની સદાબહાર મસ્તી તો છલકાતી જ રહે. રાસગીતના ઢાળમાં "નેણનાં નેવાં ને ઊટકે આંજણીયાં,હથેળી હેલને માંજે રે લોલ ... કાચી નીંદરને કાંઠેથી સપનું મુઠ્ઠી વાળીને ભાગ્યું રે લોલ" માં કવિ સાસરિયામાં સ્ત્રીઓના મનોભાવને સુપેરે વ્યક્ત કરે છે.

'નિત્ય શિવોહમ-નિત્ય જીવોહમ' લખનારા વેણીભાઇ પુરોહિતનો જન્મ જામખંભાળિયામાં ૧લી ફેબ્રુઆરી,૧૯૧૬ના રોજ થયો હતો. પ્રાથમિક શિક્ષણ મુંબાઈમાં અને હાઈસ્કૂલ જામખંભાળિયામાં,મેટ્રિક થઈ મૂંબઈમાં વ્યવસાય શરૂ કરે છે;પણ અમદાવાદ આવીને જુદા જુદા સમયે 'પ્રભાત', 'પ્રજાબંધુ', 'ગુજરાત સમાચાર',વગેરે દૈનિકો અને સમાચાર પત્રોમાં જોડાય છે. ઉપરાંત 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય'માં પણ જોડાયાજ્યાં કવિ બાલમુકુન્દ દવે સાથે મૈત્રી બંધાય છે, રામનારાયણ પાઠક તથા ઉમાશંકર જોશીના સંપર્કમાં પણ આવે છે. આઝાદી આંદોલનમાં દસેક માસ કારાવાસ પણ ભોગવે છે. વ્યવસાય અને પત્રકારત્વના ક્ષેત્રે કાર્યરત થવા ફરી મુંબઈ આવેછે. તેઓ 'ફિલ્મીસ્તાન', ચિત્રલેખા','જી', વગરે સામયિકોમાં કાર્ય કરી 'જન્મભૂમિ'માં જોડાય છે. જિંદગીના અંતિમ શ્વાસ પણ ત્યાં જ લે છે. ૩જી જાન્યુયારી ૧૯૮૦ના રોજ વાદળિયાં દેશમાં પંચતત્વનો પુલકિત પમરાટ પામવા જતાં હોય તેમ આ અલગારી કવિ અનંત સફરે ચાલી જાય છે.

બાળપણમાં પિતાની છત્ર છાયામાં સંગીતનાં કાર્યક્રમો અને ભજનોમાં જવાને લીધે, વિશેષ કરીને એમના ભજનો, ગીતો-કાવ્યોનો લય લોકભોગ્ય હોવા છતાં આધ્યાત્મિકતાની ઊંચાઈને આંબે છે. તેમની પાસેથી આપણને ૧૯૫૫માં "સિંજારવ",૧૯૫૬માં "દીપ્તિ", ૧૯૬૨માં "ગુલઝારે શાયરી", અને ૧૯૭૫માં "આચમન" કાવ્યસંગ્રહો મળે છે. એમની કવિતામાં વિષયોની વિવિધતા જોવા મળે છે. પ્રકૃતિ, દેશભક્તિ, ચિંતન, તત્વજ્ઞાન એમનેસહેજે સાધ્ય બની શક્યા છે. વેણીભાઈની ભજન સરિતા કલકલ નાદ સાથે સતત વહેતી રહી છે. એમના ભજનોમાં પણ એમની કવિતા બંસરીના સૂર બની વહે છે.'નયણાં'માં માછલાં ઉપમા દ્વારા કવિ આંખના દરેક કાર્યની સરખામણી કરતાં આગળ વધે છે. આંખમાં જે ભેજ છે તે આસમાનથી ઊતરી આવ્યો છે;એટલે એમાં આત્માનું તેજ રહેલું છે. આમ જૂઓ તો એ સાચાં હોવા છતાં એ ક્યારે કાચની માફક તૂટી-ફૂટી જાય એ કહી શકાય નહીં. નયણાંઆમ તમને ભલે છીછરાં લાગે પરંતુ એનામાં સાત સમંદર રહેલા છે; વડવાનલની આગ પણ છે; એને ઉકેલી શકાય નહીં એવા એ ઊંડા છે. એમાં ક્યારેક ઝળહળતી જ્યોતિના દર્શન થાય છે તો ક્યારેક એ વિલાસી પણ બની રહે છે. એને પ્રભુ તારી પ્યાસ પણ છે. પરંતુ ઊના પાણીનાં આ અદભૂત "નયણાં"માં આગળ પાછળ ઝેર પણ રહેલું હોય છે. વિરોધી શબ્દાવલી દ્વારા પોતાનાકાવ્યને સિધ્ધ કરે છે.

(kisspandya@gmail.com)

# સાથી હાથીના મોતનો બદલો હાથી લઈ રહ્યાં છે,અનેક મકાનો ધ્વસ્ત કર્યા

ગઢવા,તા.૮

ઝારખંડના ગઢવામાં હાથી પોતાના સાથીની મોતનો બદલો લઇ રહ્યાં છે.હાથીએ અત્યાર સુધી ડઝનેક ઘરોને ધ્વસ્ત કર્યા છે અને પાકોને નુકસાન પહોંચાડયું છે. સ્થિતિ એવી છે કે અત્યાર સુધી એક વ્યક્તિને હાથીઓના ઝુંડે કચડી નાખ્યો છે તો ડઝનેક લોકોને ઈજા પહોંચાડી છે.હવે ગ્રામીણ આખી રાત જાગી પોતાનો જીવ બચાવી રહ્યાં છે. ગઢવા જીલ્લામાં અનેક જંગલી વિસ્તારમાં હાલના દિવસોમાં હાથીઓનો આતંક જોવા મળી રહ્યાં છે સૌથી વધુ હાથીઓનો આતંક રંકા તાલુકામાં જોવા મળી રહ્યો છે.એ યાદ રહે કે કેટલાક દિવસ પહેલા અહીં હાથીના બાળકનું મોત થયું હતું. જેને વન વિભાગની ટીમે તેને ગામમાં દફનાવી દીધું હતું ત્યારથી દરરોજ રાત્રે હાથીઓનનું ઝુંડ આ જગ્યાએ આવી શોક મનાવે છે.

હાથી જતા જતાં ગામમાં ઉત્પાદ મચાવી રહ્યાં છે. હાથીઓના ભયને કારણે ગ્રામીણો ઘરમાં આખી રાત જાગીને હાથીઓને ટિનના સહારે ભગાડી રહ્યાં છે.ગ્રામીણોને ન તો રાતે ઉંઘ આવે છે અને ન તો દિવસમાં શાંતિ છે.ગ્રામીણ મહિલાઓએ જણાવ્યું હતું કે અમે લોકો પરેશાન થઇ ગયા છે ડરના છાયામાં જીવવા મજબુર બન્યા છીએ.વન વિભાગે હાથીઓને રહેણાંક વિસ્તારમાંથી ભગાડવા માટે બંગાળથી વિશેષ ટીમ આવી છે. જે રાતના અંધારામાં જંગલોમાં હાથીઓને મશાલ લઇ ભગાડે છે.જયારે વન વિભાગના જણાવ્યા અનુસાર એક હાથીનું મોત થયું છે આથી હાથીઓ વધુ ઉશ્કેરાઇ ગયા હતાં અને હંગામો કરી રહ્યાં છે.

## ભારત ગરીબી અને અસમાનતામાં મોખરે છે

# દેશની અડધી વસ્તી માત્ર ૧૩ ટકા સંપત્તિ પર જીવવા મજબૂર છે

,નવીદિલ્હી,તા.૮

નવીનતમ 'વૈશ્વિક અસમાનતા અહેવાલ ૨૦૨૨' અનુસાર, ભારત વિશ્વના એવા દેશોમાં અગ્રણી સ્થાને છે જ્યાં ગરીબી અને અસમાનતા વ્યાપક છે, જ્યારે એક નાનો વર્ગ સંપત્તિમાં રમી રહ્યો છે.ભારતમાં માત્ર ૧૦ ટકા લોકો પાસે દેશની અડધાથી વધુ (૫૭ ટકા) સંપત્તિ છે, જ્યારે દેશની અડધી વસ્તી માત્ર ૧૩ ટકા સંપત્તિ પર જીવવા મજબૂર છે. 'વૈશ્વિક અસમાનતા રિપોર્ટ ૨૦૨૨'એ ભારતમાં અસમાનતા અને અમીર અને ગરીબ વચ્ચેની વધતી જતી ખાઈનું ચિંતાજનક ચિત્ર જાહેર કર્યું છે.

આ રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે ૨૦૨૦માં વિશ્વની કુલ આવકમાં ઘટાડો થયો છે, જેમાં લગભગ અડધોઅડધ ઘટાડો સમૃદ્ધ દેશોમાં થયો છે, જ્યારે બાકીનો ઘટાડો ઓછી આવક ધરાવતા અને નવા ઉભરતા દેશોમાં નોંધાયો છે. રિપોર્ટ અનુસાર દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયા અને ખાસ કરીને ભારતમાં આ ઘટાડો નોંધવામાં આવ્યો છે.વિશ્વ અસમાનતા લેબના સહ-નિર્દેશક અર્થશાસ્ત્રી લુકાસ ચાન્સેલની આગેવાની હેઠળનો અહેવાલ અર્થશાસ્ત્રીઓ થોમસ પિકેટી, ઈમેન્યુઅલ સેઝ અને ગેબ્રિયલ ઝુકમેન દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. "જ્યારે ભારતને વિશ્લેષણમાંથી દૂર કરવામાં આવ્યું, ત્યારે જાણવા મળ્યું કે ૨૦૨૦માં વિશ્વના નીચેના અડધા લોકોની આવકમાં વધારો થયો છે," રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે.

રિપોર્ટમાં ભારતની સ્થિતિ પર કહેવામાં આવ્યું છે કે, "ટોચના દસ ટકા લોકોની આવક ૫૭ ટકા છે. ટોચના એક ટકા લોકો પાસે દેશની કુલ આવકનો એક ટકા છે. અને સૌથી નીચેના ૫૦ ટકા લોકોનો હિસ્સો ઘટીને ૧૩ ટકા થઈ ગયો છે." ગયો છે."

આ રિપોર્ટ અનુસાર, ભારતનો મધ્યમ વર્ગ તુલનાત્મક રીતે વધુ ગરીબ છે. તેમની પાસે સરેરાશ સાત લાખ ૨૩ હજાર ૯૩૦ રૂપિયા એટલે કે દેશની કુલ આવકના લગભગ ૨૯.૫ ટકા છે. બીજી તરફ સૌથી અમીર એક ટકાની સરેરાશ આવક રૂ.૩ કરોડ ૨૪ લાખ ૪૯ હજાર ૩૬૦ છે. ઉપરના દસ ટકા લોકોની સરેરાશ આવક ૬૩ લાખ ૫૪ હજાર ૭૦ રૂપિયા છે. ૨૦૨૧ માં, ભારતની પુખ્ત વસ્તીની સરેરાશ આવક રૂ.૨ લાખ ચાર હજાર ૨૦૦ અંદાજવામાં આવી હતી. અર્ધભાગની સરેરાશ આવક રૂ. ૫૩ હજાર ૬૧૦ આંકવામાં આવી હતી. સરેરાશ ભારતીય પરિવારની વાર્ષિક આવક રૂ. ૯ લાખ ૮૩ હજાર ૧૦ હતી, જ્યારે નીચલા વર્ગના અડધાથી વધુ પરિવારો પાસે લગભગ નજીવી સંપત્તિ (રૂ. ૬૬ હજાર ૨૮૦) છે.

આ રિપોર્ટ અનુસાર ૨૦૧૪થી અત્યાર સુધી સૌથી અમીર ૧૦ ટકા અને સૌથી ગરીબ ૫૦ ટકા લોકોની આવકમાં કોઈ ખાસ ફેરફાર થયો નથી. પરંતુ રિપોર્ટમાં ખાસ કહેવામાં આવ્યું છે કે ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ અસમાનતાના ડેટાની ગુણવત્તા ઘણી નબળી છે.

નીતિ આયોગે તાજેતરમાં બહુ-પરિમાણીય ગરીબી સૂચકાંક બહાર પાડ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે દર ચારમાંથી એક ભારતીય બહુપરિમાણીય રીતે ગરીબ છે. બિહારમાં આવા ગરીબોની સંખ્યા સૌથી વધુ છે (૫૧.૯૧ ટકા). બીજા નંબરે ઝારખંડ (૪૨.૧૬ ટકા) અને ત્રીજા નંબરે ઉત્તર પ્રદેશ છે, જ્યાં ૩૭.૭૯ ટકા વસ્તી ગરીબ છે.અસમાનતાના અહેવાલ મુજબ, વિશ્વભરમાં અસમાનતા આજે એ જ સ્તરે પહોંચી ગઈ છે જે ૨૦મી સદીની શરૂઆતમાં હતી જ્યારે સામ્રાજ્યવાદ ચરમસીમા પર હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વિશ્વની સૌથી ગરીબ વસ્તીમાંથી અડધા લોકો પાસે લગભગ કંઈ જ નથી. વિશ્વની કુલ આવકમાં આ વિભાગનો હિસ્સો માત્ર બે ટકા છે, જ્યારે વિશ્વના દસ ટકા સૌથી ધનિક લોકો પાસે ૭૬ ટકા સંપત્તિ છે.

મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકા અસમાનતામાં ટોચ પર છે, જ્યારે યુરોપમાં સૌથી ઓછી અસમાનતા છે. યુરોપના સૌથી ધનિક દસ ટકા લોકોની આવકમાં ૩૬ ટકા હિસ્સો હતો, જ્યારે પૂર્વ એશિયાના સૌથી ધનિક દસ ટકા લોકો પાસે ૪૩ ટકા હતો. દક્ષિણ અમેરિકામાં આ આંકડો ૫૫ ટકા છે.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે લોકો અમીર થઈ રહ્યા છે પરંતુ દેશ વધુ ગરીબ થઈ રહ્યા છે. આ મુજબ, "સમૃદ્ધ દેશોમાં જાહેર ક્ષેત્રની સંપત્તિ શૂન્યની નજીક અને નકારાત્મક થઈ ગઈ છે. એટલે કે તમામ નાણાં ખાનગી હાથમાં ગયા છે. કોવિડ કટોકટી દરમિયાન આ વલણ વધ્યું છે કારણ કે સરકારોએ ૧૦-૨૦ ટકા સુધી ઉધાર લીધું છે. જીડીપી." લીધો."

# દિકરી કરતાં પરિવારમાં પૂત્રવધુનો અધિકાર વધુ : અલ્હાબાદ હાઈકોર્ટ

(જી.એન.એસ),પ્રયાગરાજ,તા.૦૮

અલ્હાબાદ હાઈકોર્ટે પુષ્પા દેવીની અરજી સ્વીકારતા ખાદ્ય અને નાગરિક પૂરવઠા સચિવને નવો શાસનાદેશ આપવા અથવા જૂના નિયમમાં ચાર સપ્તાહમાં સુધારો કરવા નિર્દેશ આપ્યો છે. હાઈકોર્ટે ખાદ્ય અને નાગરિક પૂરવઠા વિભાગના અપર મુખ્ય સચિવ અને મુખ્ય સચિવને આ ચૂકાદાના અમલની જવાબદારી સોંપી છે. હાઈકોર્ટે રાજ્ય સરકારના નિયમમાં પૂત્રવધુનો પરિવારમાં સમાવેશ ન કરવા અને તેને અલગ રાખવાના નિયમને આશ્ચર્યજનક ગણાવ્યો છે. હાઈકોર્ટે કહ્યું કે પૂત્રવધુને ડિપેન્ડન્ટ ક્વોટામાં પુત્રી કરતાં વધુ અધિકાર મળવો જોઈએ. તેથી પૂત્રવધુનો પરિવારમાં સમાવેશ કરવામાં આવે.અલ્હાબાદ હાઈકોર્ટે ડિપેન્ડન્ટ (આશ્રિત) ક્વોટા સંબંધિત એક કેસમાં સુનાવણી દરમિયાન એક શકવર્તી ચૂકાદો આપ્યો છે. કોર્ટે ડિપેન્ડન્ટ ક્વોટાના કેસમાં પરિવારમાં પુત્રી કરતાં પુત્રવધુનો અધિકાર વધુ હોવાનો ચૂકાદો આપ્યો છે. આ સાથે હાઈકોર્ટે ઉત્તર પ્રદેશ સરકારને ડિપેન્ડન્ટ ક્વોટાના નિયમોમાં તાત્કાલિક અસરથી ફેરફાર કરવા



જણાવ્યું છે. અલ્હાબાદ હાઈકોર્ટે રાશનની દુકાનનું લાઈસન્સ ધરાવનારનું મોત થતા આ દુકાનની ફાળવણી માટે પૂત્રવધુ (વિધવા અથવા સધવા)નો પરિવારમાં સમાવેશ કરવા રાજ્ય સરકારને આદેશ આપ્યો છે. આ આદેશ સાથે અલ્હાબાદ હાઈકોર્ટે પુત્રીને પરિવારમાં સામેલ કરવા અને પૂત્રવધુને સામેલ ન કરવા સંબંધિત એક દિશા-નિર્દેશો પણ રદ કર્યા છે. હાઈકોર્ટના આદેશ પછી હવે લાઈસન્સધારકના મોત થયા પછી રાશનની દુકાન પર પહેલો અધિકાર પૂત્રવધુનો માનવામાં આવશે. અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ નીરજ તિવારીએ ઉત્તર પ્રદેશ પાવર કોર્પોરેશન લિ. (સુપરા, સુધા જૈન વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય, ગીતા શ્રીવાસ્ત વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્યના કેસને ટાંક્યો હતો અને અરજદાર પુષ્પા દેવીની અરજી સ્વીકારવા નિર્દેશ આપતા તેમના નામથી રાશનની દુકાન ફાળવવા રાજ્ય સરકારને નિર્દેશ આપ્યા હતા. હાઈકોર્ટે આ કેસમાં પૂર્ણ બેન્ચના ચૂકાદાના આધારે પૂત્રવધુનો પરિવારમાં સમાવેશ કરવા ચૂકાદો આપ્યો હતો. પૂર્ણ બેન્ચે ડિપેન્ડન્ટ ક્વોટામાં પુત્રી કરતાં પૂત્રવધુનો અધિકાર વધુ હોવાનું જણાવ્યું હતું. અરજદાર પુષ્પાદેવીએ હાઈકોર્ટ સમક્ષ અરજી કરી હતી કે તેઓ વિધવા છે. તેમની સાસુના નામે રાશનની દુકાનનું લાઈસન્સ છે.તેમની સાસુ મહાદેવીનું ૧૧મી એપ્રિલ ૨૦૨૧ના રોજ નિધન થયું હતું, પરિણામે તેમની આજીવિકા જોખમમાં મુકાઈ ગઈ. તે અને તેના બંને બાળકો સંપૂર્ણપણે સાસુની આવક પર નિર્ભર હતા. સાસુના મૃત્યુ પછી તેમના પરિવારમાં એવો કોઈ પુરુષ અને મહિલા નથી, જેમના નામે રાશનની દુકાન ફાળવવામાં આવે. તે પોતે સાસુના કાયદેસરના ઉત્તરાધિકારી છે અને તેમના નામે રાશનની દુકાન ફાળવવામાં આવે. અરજદારે રાશનની દુકાનની ફાળવણીના સંબંધમાં રાજ્ય સરકારના ખાદ્ય અને પુરવઠા વિભાગને અરજી કરી હતી, પરંતુ વિભાગે એમ કહીને તેની અરજી નકારી કાઢી કે ઉત્તર પ્રદેશ સરકારના પાંચ ઑગસ્ટ, ૨૦૧૯ના નિયમ હેઠળ પૂત્રવધુ અથવા વિધવા પૂત્રવધુનો પરિવારની શ્રેણીમાં સમાવેશ કરાયો નથી. તેથી પૂત્રવધુને રાશનની દુકાનની ફાળવણી કરી શકાય નહી. આ નિયમના આધારે જિલ્લા પૂરવઠા અધિકારીએ ૧૭મી જૂન ૨૦૨૧ના રોજ રાશનની દુકાનનું લાઈસન્સ પૂત્રવધુને આપવાનો ઈનકાર કર્યો હતો. અરજદાર પુષ્પા દેવીએ પૂરવઠા વિભાગના આ આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

# છેલ્લાં ત્રણ વર્ષમાં ચીન દ્વારા ભારતમાં કોઈપણ પ્રકારની ઘૂસણખોરી થઈ નથી : કેન્દ્ર સરકાર

નવીદિલ્હી,તા.૮

કેન્દ્ર સરકારે સંસદમાં આશ્ચર્યજનક નિવેદન કરતા જણાવ્યું છે કે છેલ્લાં ત્રણ વર્ષમાં ચીન દ્વારા ભારતમાં કોઈપણ પ્રકારની ઘૂસણખોરી થઈ નથી, જયારે બાંગ્લાદેશ સરહદ પર સૌથી વધારે ઘૂસણખોરીના મામલા સામે આવ્યા છે. ગૃહ મંત્રાલયે લોકસભામાં જવાબ આપતા જણાવ્યું હતું કે, છેલ્લાં ત્રણ વર્ષમાં ભારત-ચીન સરહદ પર ઘૂસણખોરીની મામલા શૂન્ય છે.

ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે, સૌથી વધારે ઘૂસણખોરી બાંગ્લાદેશ સરહદેથી થઈ છે. બાંગ્લાદેશ સરહદેથી ઘૂસણખોરીના ૧,૭૮૭ કેસ છે. ભારત-પાકિસ્તાન સરહદ પર ઘૂસણખોરી બાંગ્લાદેશ સરહદ પરથી પણ ઓછી છે. ભારત-પાકિસ્તાન સરહદ પર ૧૨૮ વખત જ ઘૂસણખોરીના પ્રયત્નો થયા છે.

ગૃહ મંત્રાલયે એ જાણકારી પણ આપી હતી કે, છેલ્લાં ત્રણ વર્ષમાં ભારત-નેપાળ સરહદમાં ઘૂસણખોરીના ૨૫ મામલા સામે આવ્યા છે. બીજી બાજુએ ભારત-ભૂટાન સરહદે ઘૂસણખોરીનો કોઈ મામલો સામે આવ્યો નથી. તેની સાથે-સાથે ભારત બર્મા સરહદ પર ઘૂસણખોરીના ૧૩૩ કેસ નોંધાયા છે.

બીએસએફના અધિકાર ક્ષેત્ર પર સાંસદ વરુણ ગાંધીના સવાલના જવાબમાં ગૃહરાજયમંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે અમારો હેતુ કેટલાક રાજ્યોમાં સીમા સુરક્ષા દળના અધિકાર ક્ષેત્રમાં વિસ્તરણ કરવાનો છે. તેનું કારણ એ છે કે રાષ્ટ્રહિત વિરોધી તાકાતો દ્વારા શસ્ત્રો, નશીલા પદાર્થોની દાણચોરી માટે ઉપયોગમાં લેવાતા ડ્રોન, યુએવી જેવા સાધનોના પ્રયોગથી લઈને બીએસએફને સામર્થ્યવાન બનાવવાનું છે. તેના લીધે દાણચોરી રોકવામાં મદદ મળશે. દાણચોરો બીએસએફના અધિકાર ક્ષેત્રની બહાર શરણ લે છે. આ વર્ષે ગેરકાયદેસર રીતે ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરતાં 3000 બાંગ્લાદેશી ઘૂસણખોરોની સીમા સુરક્ષા દળે ધરપકડ કરી છે. બીએસએફ હાલમાં ૧૯૩ બટાલિયન સાથે દેશની સરહદોની સુરક્ષા કરી રહ્યું છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**N.O.G. S.S. No. 0102**

વિષય.:- લખતા લખતા તમારી કૃતિ (ગદ્ય કે પદ્ય) ને પહેલો ક્રમાંક મળ્યો તે સમયની મનની અભિવ્યક્તિ.

પ્રકાર.:- ગદ્ય.

શીર્ષક. :- કૃતિને પહેલો ક્રમાંક મળતા મનની અભિવ્યક્તિ.

જીવનમાં વાંચન અને લેખનનો ઘણો અનુભવ હોય છે .વાંચતા-વાંચતા ક્યારેક લખવાનું પણ મન થઈ જાય ,અને આપણે આપણી કૃતિ લખીને તૈયાર રાખીએ છીએ.

ગદ્ય કે પદ્ય કોઈપણ પ્રકારનું લખાણ હોય. તો પ્રથમ તેને લખીને ફરીવાર તેને મઠારીએ .સુધારા કરીને ભૂલો જોઈએ, અને ફરી પાછી સારી રીતે લખવાની કોશિશ કરીએ, તૈયાર થયા પછી જે તે મેગેઝીન, અખબાર વિગેરેમાં આપણે આપણી કૃતિ રજુ કરતા હોઈએ છીએ.

દરેક કૃતિ મોકલતી વખતે સારો અનુભવ થાય તેવું નથી હોતું .ઘણે ઠેકાણેથી એ પરત આવેછે .અને આપણે આપણી મહેનત નકામી હોય તેવું લાગ્યા કરે છે.પરંતુ આ પ્રક્રિયા વણથંભી આગળ વધે તો સફળતાની પણ સારી શક્યતાઓ હોય છે તેઓ મારો અનુભવ છે.

મેં મારી કૃતિ ઇન્સ્પેક્શન, સુધા, જેવી કૃતિઓ મેગેઝીનોમાં મોકલાવી હતી.

મારી પ્રથમ કૃતિ "★ઇન્સ્પેક્શન ★ ચાંદની માસિકમાં છપાઈ હતી ,અને તેને સારો એવો પ્રતિસાદ મળ્યો .મને પુરસ્કાર સ્વરૂપે રકમ પણ મોકલવામાં આવી. ત્યારે મારી ખુશી ઘણી વધી ગઈ. મને મારી જાત ઉપર ભરોસો થયો કે હું સારું લખી શકું છું. એટલું જ નહીં પણ લોકોના પ્રતિભાવો જે આવ્યા તેના ઉપરથી મને લાગ્યું કે લોકોને આ મારી કૃતિથી ઘણો સંતોષ થયો છે.

કૃતિ જ્યારે પ્રથમ આવે ત્યારે હૃદયની ખુશી હોય છે. આપણે કરેલી મહેનતનું ફળ મળ્યું તેનો આનંદ આવતો હોય છે. લોકો આપણે બિરદાવતા હોય છે., અને મનની ખુશી અનેક ગણી વધી જતી હોય છે. ખાસ કરી અને સાહિત્ય જગતમાં આગળ ડગલાં ભરવા માટેની એક મોટામાં મોટી આપણે પ્રેરણા મળી રહે છે..

દરેક કૃતિ દ્વારા લેખકનો કોઈ સંદેશો લોકોને માટે હોય છે ,અને આ સંદેશો જે લોકો વાંચી અને જીવનમાં ઉતારે છે ,તેઓના જીવનને પણ આનાથી ઘણી બધી પ્રેરણા મળતી હોય છે.

આપણી સાહિત્યની કૃતિથી આપણે દુનિયાનાં ઘણાં બધાં લોકોના પરિચયમાં આવીએ છીએ, અને લોકો આપણી પ્રશંસા કરે છે તે બાબતનો વિશેષ આનંદ અનુભવતા હોઇએ છીએ. જેને શબ્દોમાં અભિવ્યક્ત કરવા માટે શબ્દો મળતા નથી.

રતીલાલ વાયડા. નવી મુંબઈ.

---

**: NOG.S.S. NO.0032**

લખતા લખતા તમારી કૃતિ(ગદ્ય કે પદ્ય)ને પહેલો ક્રમાંક મળ્યો તે સમયની મનની અભિવ્યક્તિ

શીર્ષક: પ્રસિધ્ધી

લખી લખીને ઘણીવાર ભૂંસી નાખ્યું
પણ ઝાંખુ ઝાંખુ નયનને દેખાતું હતુ.
થયું એકવાર પદ્ય સ્પર્ધામાં નંબર તો મેળવવો જ રહ્યો.. શબ્દ કોશમાં શબ્દો વીણી વીણીને વાક્ય રચના બનાવવા એક સૂંડલામાં ભેગા કરીને એ શબ્દો મોતીની જેમ એકબીજામાં ગૂંથ્યા. પછી રંગબેરંગી કાગળ પર વાક્ય રચનાને કવિતામાં તરબોળ કર્યા. મારી રચનાનાં શબ્દો કંઈક નીચે મુજબ બોલતા હતા.

પનઘટની વાટે
ઉગ્યું છે આજ સુપ્રભાત વહેલી સવારે,
ખળખળ કરતું ઝરણું, ધીરગંભીર વહેતી નદી.
આવે છે લહરખીઓ મીઠી સવારે ચમનમાં
પનઘટની વાટે...અને સખીઓની સાથે.
જાવું મારે તારા ઘરનાં,!ભરવા પનઘટપાણી..
વાટે અને વાટે,વાગે મને પગમાં,
ઝીણી ઝીણી ઠેસ.સરખી સહિયર સાથ
સાથમાં ને વાતમાં,મહિયરની વાતમાં.મીઠી લાગે વાત,મને સહિયરોનાં સાથમાં.

પછી હું સપનામાં રાચવા લાગી.મનમાં હતુ કે આ વખતે મારો નંબર તો આવશે જ...એક અઠવાડિયા પછી રીઝલ્ટ નીકળવાનું હતુ...

જાણે હું કાગના ડોળે રાહ જોતી હતી.. પ્રભુને ગમ્યુ પણ ખરું અને મારુ નામ પહેલા નંબરે પ્રસિધ્ધ થયું. ખૂબજ ખુશી હતી.આ સ્પર્ધામાં નંબર લેવો એ કઈ નાની સૂની વાત નહોતી અને એ પણ પહેલો નંબર....! શર્ટીફીકેટ જોઈને ખુશી સમાતી નહોતી. નાના મોટા દરેકને કહી વળી ... ખુશી જ અંદરથી એટલી હતી કે જેને શબ્દમાં વર્ણવી બહુ અઘરી હતી. મારા મતે આ પ્રસિધ્ધી કોઈ નાની સૂની નહોતી ભાઈ......

મીના માંગરોલીયા "મીનુ",અમદાવાદ

---

**NOG SS. NO .0095**

વિષય :-- લખતા લખતા તમારી કૃતિને પહેલો ક્રમાંક મળ્યો તે સમયની મનની અભિવ્યક્તિ

પ્રકાર :-- ગદ્ય

શીર્ષક :-- " સંતના આશીર્વાદ "

રચના :- કેટલો સુંદર વિષય છે .એ વખતની અનુભૂતિ જ અલગ હોય છે .જાણે સ્વપ્નમાં વિહરતા વિહરતા કોઇ જુદી જ દુનિયામાં પહોંચી ગયાં હોઈએ એવી અનુભૂતિ થતી હોય છે .એનો અર્થ એ નથી કે કોઇ અહમ્ નો ટકરાવ હોય છે પણ પ્રસન્નતાની એક લહેરખી હોય છે .

મને યાદ છે મારી લેખનયાત્રાની શરૂઆત મેં એક એવા પુસ્તક માટે કરી હતી જેમાં એક સ્ત્રીની વેદના હતી . ' અસ્તિત્વનું આત્મવિલોપન ' આ પુસ્તકમાં એક એવી સ્ત્રીનું વર્ણન છે કે જેની ઉપર બળાત્કાર થયો હોય છે. પ્રેમલગ્ન કરેલી એ સ્ત્રીનું જીવન બળાત્કાર પછી દોહ્યલું થઈ જાય છે અને એવી સ્ત્રીની વેદનાનું વર્ણન કરવાનો અવસર પ્રાપ્ત થયો .મારા પ્રકરણને ખૂબજ પ્રશંસા મળી . સહ લેખિકા તરીકેનો પ્રથમ પ્રયત્ન અને એમાં પણ આટલી બધી પ્રશંસા સાથે સાથે શ્રેષ્ઠ લેખન માટેનો સ્પે. એવોર્ડ મળ્યો , પ્રમાણપત્ર મળ્યું અને હૈયું ખુશીથી ઝુમી ઊઠ્યું .

મન સ્વીકારી જ નહોતું શકતું કે મારી કલમ આટલી સુંદર ચાલી શકશે . પછી તો એ કલમ અટકી જ નહીં . ઘણા પુસ્તકમાં સહ લેખિકા તરીકે લખ્યું , ઘણા પ્રમાણપત્રો મેળવ્યા. શ્રેષ્ઠતા ના પારિતોષિકો મેળવ્યા , અને એ મારી માટે સારું લખવાના પ્રેરણારૂપ બનતાં ગયા .મારી સારું લખવાની ભૂખ વધતી જ ગઈ .

કોરોનાને કારણે ' અસ્તિત્વનું આત્મવિલોપન ' મોડી પ્રસિદ્ધ થઈ .પણ મારું સદ્ભાગ્ય રહ્યું કે એ પુસ્તકને પૂ. મોરારીબાપુનાં આશીર્વાદ સ્વરૂપે સુંદર લખાણ સાથેનું પ્રોત્સાહન મળ્યું. એની જ સાથે મારી સહલેખિકા તરીકેની ' પરવરિશ ', અને 'દીવાળી અંક ' આ પુસ્તકને પણ એમનાં આશીર્વાદ રૂપી સુંદર લખાણ મળ્યું અને એ સમય મારી માટે કોઇ રચનામાં પ્રથમ ક્રમાંક મેળવવા કરતાંય વધુ શ્રેષ્ઠ હતો .પૂ.બાપુનાં હસ્તે લખેલા શબ્દોરૂપી આશીર્વચન મારી લેખનયાત્રાની યશકલગી સમાન બની રહ્યાં. જેની ખુશી અવર્ણનીય છે .

ઘણી બધી રચનાઓ લખીને ઘણી બધી જગ્યાએ પ્રથમ ક્રમાંક મેળવતી જ રહી છું પણ હું એટલું જરૂર માનું છું કે પ્રથમ પુસ્તકનાં લખાણને મળેલાં પૂ. બાપુનાં આશીર્વાદ નું જ આ હળ મને મળે છે .સદાય સારું અને ઉત્તમ લખવાની પ્રેરણા મળતી રહી છે અને એ જ પ્રેરણા મારાં લખવાનું ધ્યેય બની રહેશે .

દીપિકા ચાવડા " તાપસી ."

---

**NOG SS no.-0007**

વિષય : લખતાં લખતાં તમારી કૃતિને પ્રથમ ક્રમાંક મળ્યો તે સમયની મનની અભિવ્યક્તિ

પ્રકાર : ગદ્ય

શિર્ષક : લેખિકા તરીકે પ્રસ્થાપિત કરનારો પ્રસંગ

વધારે પ્રસ્તાવના બાંધ્યા વગર સીધી વાત પર જ આવું છું.આ પ્રસંગ લગભગ પંદર સોળ વર્ષ પહેલાંનો છે.ત્યારે હું નિબંધો,લેખો,અને એકોક્તિઓ લખતી હતી. પરંતુ સોશ્યિલ મિડીયાના અભાવે એ બધું મારી ડાયરી પૂરતું જ સીમીત રહેતું.એક દિવસ મારી ભત્રીજી જે ત્યારે દસમાં ધોરણમાં ભણતી હતી, એણે એની શાળામાં એકપાત્રીય અભિનય ભજવવાની સ્પર્ધામાં ભાગ લીધો,અને મને કહ્યું,"કાકી મેં મોનોએક્ટીંગની સ્પર્ધામાં ભાગ લીધો છે તો તમે મને કોઈ એક પાત્ર તૈયાર કરાવી આપો." એટલે મેં એને વાપી ,વલસાડથી શાક લઈને વેચવા આવતી ગુજરાતી શાકવાળીનું પાત્ર તૈયાર કરાવી આપ્યું.નાનપણમાં મેં આ શાકવાળીઓને જોઈ હતી.એટલે એ લોકો જેવું બોલે એવાજ શબ્દોચ્ચાર સાથે અને એમનાં જેવાં અદ્દલ પહેરવેશ સાથે મારી ભત્રીજીને તૈયાર કરી સ્પર્ધાના દિવસે શાળામાં મોકલી.એ જ્યારે પોતાનું નામ લિસ્ટમાં લખાવવા ગઈ ત્યારે એનાં વર્ગશિક્ષિકાએ એની સામે આશ્ચર્ય સાથે જોયું અને પૂછ્યું કે ," તું શું બની છે?"ત્યારે મારી ભત્રીજીએ કહ્યું કે,
" શાકવાળી."ત્યારે એની શિક્ષિકાએ એને કહ્યું કે," આપણે તો ઐતિહાસિક પાત્રો જ લેવાના છે એટલે તું ભાગ નહીં લઈ શકે." આટલું સાંભળતા જ મારી ભત્રીજી નિરાશ થઈ ગઈ અને રડવા લાગી.એણે મને શાળામાંથી જ ફોન કર્યો અને વિગતે વાત જણાવી.એટલે મેં એનાં શિક્ષિકા બહેન સાથે વાત કરી અને મારી ભત્રીજી ફોરમને ભલે સ્પર્ધામાં ન ગણે પરંતુ આટલી મહેનત કરી છે તો એકવાર એ પાત્ર રંગમંચ પર ભજવવા દેવાની વિનંતી કરી. જે એમણે માન્ય રાખી. પછી તો ફોરમે એટલું સરસ અને આબેહૂબ પાત્ર ભજવ્યું કે દર્શકો સહિત ત્યાં હાજર તમામ શિક્ષકો ,વાલીઓ અને નિર્ણાયકોએ ફોરમને તાળીઓથી વધાવી લીધી.નિર્ણાયકોએ આખરે તેઓનાં નિયમથી વિરુદ્ધ જઈને ફોરમના અભિનયને બિરદાવી, સ્પેશિયલ કેટેગરી હેઠળ સુવર્ણચંદ્રક આપ્યો.તે દિવસે એ સુવર્ણચંદ્રક જાણે મેં જીત્યો હોય એવી સુખદ અનુભૂતિ મને થઈ.ત્યાર પછી તો ઘણાં બાળકોને વેશભૂષા હરિફાઈ માટે તૈયાર કરતી,અને મારાં દ્વારા તૈયાર કરાયેલ એ પાત્રોને અચૂક પ્રથમ અથવા તો દ્વિતીય ક્રમ મળે.અમને હરિફાઈમાં ઊતરેલાં જોઈને બીજાં સ્પર્ધકો માની જ લેતાં કે પહેલાં બીજા ક્રમાંકમાંથી તો હાથ જ ધોવા પડશે.બસ આ પ્રસંગે મને સાહિત્ય ક્ષેત્રે આગળ વધવા પ્રોત્સાહિત કરી.મારામાં એક આત્મવિશ્વાસ જગાડ્યો કે હું જે કંઈ પણ લખીશ તેને વાચકો સ્વીકારશે.આજે પણ આ પ્રસંગ કહેતી વખતે હું એટલી જ રોમાંચિત થઈ જાઉં છું.

લેખિકા : આરતી મરચંટ,મુંબઈ

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ: ક્રૂડ તેલમાં ઘટાડો

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૩૭,૩૪૯ સોદાઓમાં કુલ રૂ.૧૧,૧૨૮.૮૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ડિસેમ્બર વાયદામાં ૪૭ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ડિસેમ્બર વાયદામાં ૧૧૦ પોઈન્ટ તેમ જ એનર્જી ઈન્ડેક્સના ડિસેમ્બર વાયદામાં ૯૨ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૩૮,૨૪૦ સોદાઓમાં કુલ રૂ.૨,૫૨૮.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૮,૧૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૮,૩૦૦ અને નીચામાં રૂ.૪૮,૧૦૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬૪ વધી રૂ.૪૮,૨૨૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૧૦ વધી રૂ.૩૮,૫૮૧ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૨ વધી રૂ.૪,૮૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૧,૭૫૪ ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૯૬૫ અને નીચામાં રૂ.૬૧,૬૧૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૪ ઘટી રૂ.૬૧,૬૮૪ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૨૮ ઘટી રૂ.૬૧,૯૮૩ અને ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૨૭ ઘટી રૂ.૬૧,૯૭૨ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં ૯,૩૪૩ સોદાઓમાં રૂ.૧,૭૮૮.૧૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૪૫ ઘટી રૂ.૨૧૧.૯૫ અને જસત ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ વધી રૂ.૨૭૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૨૫ ઘટી રૂ.૭૩૩.૦૫ અને નિકલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૮.૮ વધી રૂ.૧,૫૭૬.૧૦ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ વધી રૂ.૧૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૩૮,૦૭૩ સોદાઓમાં કુલ રૂ.૨,૬૩૮.૩૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૪૩૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૪૭૯ અને નીચામાં રૂ.૫,૩૫૯ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૯૬ ઘટી રૂ.૫,૩૭૪ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૩.૩૦ વધી રૂ.૨૯૩.૭૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨,૨૭૯ સોદાઓમાં રૂ.૨૬૯.૫૭ કરોડનાં કામકાજ થયા હતા. રબર ડિસેમ્બર વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૮,૪૨૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮,૪૩૦ અને નીચામાં રૂ.૧૮,૨૬૨ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦ ઘટી રૂ.૧૮,૩૫૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૧૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૨૩ અને નીચામાં રૂ.૧૧૦૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦.૭૦ ઘટી રૂ.૧૧૧૫.૩૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬.૩૦ વધી રૂ.૯૭૧ અને કોટન ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૨૮૦ ઘટી રૂ.૩૧,૨૩૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૦,૦૪૫ સોદાઓમાં રૂ.૧,૩૯૪.૮૬ કરોડનાં ૨,૮૯૪.૫૪૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૨૮,૧૯૫ સોદાઓમાં કુલ રૂ.૧,૧૩૪.૧૦ કરોડનાં ૧૮૩.૨૧૭ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૧૬૯.૨૮ કરોડનાં ૭,૯૫૦ ટન, જસતના વાયદાઓમાં રૂ.૧૬૬.૬૫ કરોડનાં ૬,૧૦૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૭૪૦.૯૫ કરોડનાં ૧૦,૦૭૫ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૬૫૬.૪૭ કરોડનાં ૪,૧૭૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૫૪.૭૭ કરોડનાં ૨,૯૬૫ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯,૪૨૧ સોદાઓમાં રૂ.૧,૬૨૨.૮૫ કરોડનાં ૨૯,૯૫,૪૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૧૮,૬૫૨ સોદાઓમાં રૂ.૧,૦૧૫.૪૫ કરોડનાં ૩,૪૯,૭૮,૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૮૯૬ સોદાઓમાં રૂ.૮૯.૩૭ કરોડનાં ૨૮૫૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૨૦૭ સોદાઓમાં રૂ.૭.૮૨ કરોડનાં ૮૦.૬૪ ટન, રબરના વાયદાઓમાં ૨૧ સોદાઓમાં રૂ.૦.૬૧ કરોડનાં ૩૩ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૧,૧૫૫ સોદાઓમાં રૂ.૧૭૧.૭૭ કરોડનાં ૧૫,૪૮૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૨,૯૯૫.૦૯૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૬૨.૪૮૧ ટન, એલ્યુમિનિયમમાં ૧૧,૯૧૦ ટન, જસત વાયદામાં ૮,૪૭૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૪,૩૩૦ ટન, નિકલ વાયદામાં ૩,૩૨૫.૫૦૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૩,૩૩૫ ટન, ક્રૂડ તેલમાં ૬,૨૨,૭૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૩૩,૯૫,૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૪૪૦૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૩૩૮.૭૬ ટન, રબરમાં ૭૭ ટન, સીપીઓમાં ૮૫,૪૬૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૩૯૯ સોદાઓમાં રૂ.૧૧૫.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૫૧૦ સોદાઓમાં રૂ.૪૦.૦૩ કરોડનાં ૫૬૬ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૫૩૭ સોદાઓમાં રૂ.૪૯.૭૬ કરોડનાં ૫૯૦ લોટ્સના વેપાર થયા હતા. આ સામે એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૩૫૨ સોદામાં રૂ.૨૫.૬૨ કરોડનાં ૩૭૪ લોટ્સનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૯૩૦ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૮૧૧ લોટ્સ તેમ જ એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૨૦૫ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૪,૧૩૭ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૧૬૬ અને નીચામાં ૧૪,૧૧૯ના સ્તરને સ્પર્શી, ૪૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૫ પોઈન્ટ વધી ૧૪,૧૪૬ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૬,૮૧૦ના સ્તરે ખૂલી, ૧૧૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૫ પોઈન્ટ વધી ૧૬,૮૩૬ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી ઈન્ડેક્સનો ડિસેમ્બર વાયદો ૫,૪૫૬ના સ્તરે ખૂલી, ઊપરમાં ૫,૫૨૯ અને નીચામાં ૫,૪૩૭ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે ૯૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૪ પોઈન્ટ ઘટી ૫,૪૭૦ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૪૮,૦૧૫ સોદાઓમાં રૂ.૩,૭૮૮.૪૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૩૦.૯૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫.૭૮ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૬૪૧.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

# સરકાર અસંવેદનશીલ થઈ ગઈ છે,૭૦૦ શહીદ ખેડૂતોનું સન્માન કરવામાં આવે:સોનિયા ગાંધી

,નવીદિલ્હી,તા.૮

સંસદના શિયાળુ સત્રમાં વિપક્ષના હોબાળા વચ્ચે કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી અને પક્ષના નેતા રાહુલ ગાંધીએ આજે સંસદીય દળની બેઠકમાં હાજરી આપી હતી. પોતાના સંબોધનમાં સોનિયા ગાંધીએ ખેડૂતો, મોંઘવારી સહિતના અનેક મુદ્દાઓ પર કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા, જ્યારે રાજ્યસભાના ૧૨ સાંસદોને સંસદમાંથી સસ્પેન્ડ કરવાની વાતને અભૂતપૂર્વ અને અસ્વીકાર્ય ગણાવી હતી. સોનિયા ગાંધીએ કહ્યું કે અમે સસ્પેન્ડેડ સાંસદો સાથે એકતાથી ઊભા છીએ.

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ રાજ્યસભાના ૧૨ સાંસદોના સસ્પેન્શન પર કહ્યું હતું કે સંસદના સમગ્ર શિયાળુ સત્રમાંથી તેમનું સસ્પેન્શન બંધારણ અને કાઉન્સિલ ઑફ સ્ટેટ્સમાં કાર્યપ્રણાલી અને કારોબારના નિયમો બંનેનું ઉલ્લંઘન કરે છે, આ નિર્ણયે અમને બધાને હચમચાવી નાંખ્યા છે. આ સિવાય કોંગ્રેસ અધ્યક્ષે પીએસયુ ડિસઈન્વેસ્ટમેન્ટ પર કેન્દ્ર સરકારની ટીકા કરતાં કહ્યું કે, મોદી સરકાર ભારતની સંપત્તિ વેચી રહી છે, સરકાર દ્વારા જાહેર સાહસોને નષ્ટ કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે ફેબ્રુઆરીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે સરકાર પાસે બિઝનેસ કરવા માટે કોઈ વ્યવસાય નથી.

નાગાલેન્ડમાં નાગરિકોની હત્યાઓ પર સોનિયા ગાંધીએ કેન્દ્રની મોદી સરકારની ટીકા કરતાં કહ્યું કે, કેન્દ્રનું ખેદ વ્યક્ત કરવું પૂરતું નથી, સરકારે આવી ભયાનક દુર્ઘટનાઓની કોઈપણ ઘટનાને રોકવા માટે વિશ્વસનીય પગલાં લેવા પડશે. સોનિયા ગાંધીએ નાગાલેન્ડમાં હત્યાનો ભોગ બનેલા પરિવારો માટે ન્યાયની માંગ કરી હતી. તેમણે કહ્યું કે, મારે નાગાલેન્ડની દુઃખદ ઘટનાઓ પર સામૂહિક રીતે ઊંડું દુઃખ વ્યક્ત કરવું જોઈએ, જેમાં ઘણા નિર્દોષ લોકો મૃત્યુ પામ્યા અને એક સુરક્ષાકર્મી પણ માર્યો ગયો. પીડિત પરિવારોને વહેલી તકે ન્યાય મળે તે સુનિશ્ચિત કરવું જોઈએ.

સોનિયા ગાંધીએ જણાવ્યુ હતું કે જે ૭૦૦ ખેડૂતોએ ખેડૂત આંદોલન દરમિયાન પોતાનો જીવ ગુમાવ્યો છે, મોદી સરકારે તેમનું સન્માન કરવું જોઈએ. બેઠક દરમિયાન સોનિયા ગાંધીએ વડાપ્રધાન સામે આકરા પ્રહાર કરતાં કહ્યું હતું કે સરકાર ખેડૂતો સામે આકરું વલણ આપવાની રહી છે. સોનિયાએ કહ્યું કે તે ૭૦૦ ખેડૂતોનું સન્માન કરવું જોઈએ જેમણે આંદોલન દરમિયાન પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું છે.

સોનિયા ગાંધીએ જણાવ્યુ હતું કે મોદી સરકાર સામાન્ય જનતા પ્રત્યે અસંવેદનશીલ છે. જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવમાં વધારો થતાં સામાન્ય જનતાને મુશ્કેલીઓ પડી રહી છે. સોનિયા ગાંધીએ કહ્યું કે જે રીતે જીવનજરૂરી ચીજ વસ્તુઓના ભાવમાં વધારો થઈ રહ્યો છે, તેની સામે સામાન્ય જનતા માટે તો જીવવાનું પણ મુશ્કેલ બની ગયું છે. સોનિયા ગાંધીએ વધુમાં જણાવ્યુ હતું કે કેન્દ્રની મોદી સરકાર ભારતની સંપત્તિ વેચી રહી છે. સોનિયા ગાંધીએ બેઠક દરમિયાન ૧૨ સાંસદોને સસ્પેન્ડ કરવાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને કહ્યું કે મોંઘવારી, બેરોજગારી, કૃષિ સંકટ, ચીનનો કબજો બધાના મૂળ એક જ છે- મોદી સરકારનું અભિમાન, મિત્ર-પ્રેમ અને નિષ્ફળતા. અન્યાય સામે અમારો અવાજ ઉઠાવવાની સાથે અમે કોંગ્રેસ શાસિત રાજ્યોમાં જનતાના મુદ્દાઓને ઉકેલી રહ્યા છીએ. લોકોની મનની વાત સાંભળી રહ્યા છીએ.

## ૯ ડિસેમ્બર, "ભ્રષ્ટાચાર વિરોધી દિવસ"

# ભ્રષ્ટાચાર નાબુદી થકી જ વિશ્વની આબાદી

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૨૦૦૫માં આયોજિત કરેલી એક કોન્ફરન્સમાં ૯ ડિસેમ્બરનાં દિવસને "ભ્રષ્ટાચાર વિરોધ દિવસ" તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. ભ્રષ્ટાચાર એ એક એવો મુદ્દો છે કે જે વિશ્વના દરેક દેશોને અસર કરે છે. તે નૈતિકતા, અંખડિતતા અને પ્રમાણિકતાનો અભાવ દર્શાવે છે. ભષ્ટ્રાચાર લોકશાહીને નબળી કરે છે, સરકારને અસ્થિર બનાવે છે અને દેશોને આર્થિક ધોરણે પાછળ ધકેલે છે. "ભ્રષ્ટાચાર વિરોધી દિવસ"નું મહત્ત્વ વિશ્વ સ્તરે ભ્રષ્ટાચાર નાબુદી અંગે જાગરૂકતા ફેલાવવાનો છે. લોકશાહી સંસ્થાઓનો પાયો બચાવવા માટે ભ્રષ્ટાચારને ફેલાતો અટકાવવો ખૂબ જ જરૂરી છે કારણ કે ભ્રષ્ટાચાર કાયદાના શાસનની પ્રક્રિયાઓને વિકૃત કરે છે. ભ્રષ્ટાચાર કેટલીય રીતે દેશના આર્થિક વિકાસને પણ અસર કરે છે.

ભ્રષ્ટાચાર એટલે સામાન્ય રીતે કોઈ વ્યક્તિ દ્વારા થતું ભ્રષ્ટ આચરણ. આ પાછળ કોઈને નુકસાન પહોચાડવા કરતા પોતાનો સ્વાર્થ સાધવાનો હેતુ રહેલો છે. કદાચ એટલે જ આ પ્રવૃત્તિ વિશ્વ વિખ્યાત બની ગઈ છે. આ પાછળ માણસની એક જ માનસિકતા જવાબદાર બની છે કે, 'હું એકલો કે હું એકલી શું કરી શકું ?', 'બધાં ઘર લઈને બેઠા છે.', 'બધા કરે છે તો હું કેમ ન કરું ?' આ બધી જ વિષયવસ્તુ માણસનાં માનસને અસર કરે છે અને પછીથી કોઈ કોઈની પરવાહ કર્યા વગર લાંચ લે છે અને પોતાનો સ્વાર્થ સર કરે છે, કેટલાક તો વળી માણસાઈને નેવે મુકીને વિભિન્ન પ્રકારનાં ભ્રષ્ટ આચરણ કરે છે જેથી બીજાને પણ નુકસાન પહોચે છે. ખરેખર તો માણસમાં ભ્રષ્ટાચારની નીવ તે નાનો હોય, બાળક હોય ત્યારે જ નંખાઈ જતી હોય છે. જયારે પણ બાળક માતા પિતાની કોઈ વાત ન માને તો તેને જાત જાતની લાલચ આપીને પોતાનું ધાર્યું કામ તેની પાસેથી કઢાવવામાં આવે છે. બાળક બરાબર જમશે નહીં તો મોબાઈલમાં વિડીયો જોવાની લાલચ, બરાબર ભણશે નહીં તો નવી બોલપેન કે પેન્સિલની લાલચ, પોતાનું કોઈ કામ બરાબર નહીં કરે તો તેને બહાર ફરવા લઈ જવાની લાલચ. ઘરથી શરુ થયેલી આ પ્રવૃત્તિ પછી સ્કુલમાં, કોલેજમાં અને પછી માણસ કામ ધંધામાં પણ ભ્રષ્ટાચાર કરતાં શીખી જાય છે અને વળી પોતાના બાળકોને પણ આવી જ શિક્ષા આપે છે. જો ઘરમાં જ લાંચ લેવાનાં બીજ રોપાતા હોય એ પણ બાળ અવસ્થામાં જ તો સમગ્ર સમાજનો હિસ્સો એવી વ્યક્તિઓ પાસેથી ભ્રષ્ટાચાર સિવાયની બીજી તો કઈ અપેક્ષા રાખી શકાય ? એવું નથી કે માતા પિતા જાણી જોઈને આવું કરે છે પરંતુ અજાણતા જ એમની કરેલી અમુક નાની નાની ભૂલો ભવિષ્યમાં ખુબ મોટી થઈને સામે આવે છે. વ્યક્તિ પોતે એ સમાજનો જ એક હિસ્સો છે. વ્યક્તિ વ્યક્તિથી જ સમાજ બને છે અથવા એમ કહો કે સમગ્ર સમાજ એ વ્યક્તિઓ થકી જ છે. ફળોની ટોકરીમાં જો એક ફળ ખરાબ થાય, સડી જાય તો તે સીધી કે આડકતરી રીતે બીજા બધા ફળોને નુકસાન કરે જ છે એવી જ રીતે સમાજમાં કોઈ એક વ્યક્તિ ખોટી દિશામાં જશે તો તે સમગ્ર સમાજને નુકસાનકર્તા બનશે. તેથી સૌ એ પોતાની અંગત જવાબદારી સમજીને પોતાના આચરણમાં કોઈ ખોટ આવવા દેવી ન જોઈએ તેમજ ભ્રષ્ટાચાર નાબુદીની શરૂઆત પોતાનાથી જ કરવી જોઈએ.

- મિત્તલ ખેતાણી

### બેરિકેડ લગાવતા રોડ પર ફેરિયાઓને છૂટોદોર

# મોડાસા : બસ સ્ટેન્ડ નજીક ટ્રાફીક નિવારણ માટે લગાવેલ બેરિકેડ જ ટ્રાફિક સમસ્યા સર્જે છે

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ




મોડાસા શહેરમાં ટ્રાફિક સમસ્યા માથાના દુખાવા સમાન બની રહી છે ટાઉન પોલીસ અને ટ્રાફિક પોલીસ ટ્રાફિક નિયમન અંગે ફક્ત દેખાડા પૂરતી બની રહેતા શહેરના માર્ગો પર આડેધડ પાર્કિંગ કરેલ વાહનો, લારીઓ અને ફેરિયાઓએ અડિંગો જમાવી દીધો છે મોડાસાના નિર્માણ થઇ રહેલ અત્યાધુનિક આઇકોનિક બસ સ્ટેન્ડ નજીક ટાઉન પોલીસે ટ્રાફિક સમસ્યા નિવારવા બસ સ્ટેન્ડ થી કડીયાવાડા રોડ પર જતા રોડ પર બેરિકેડ ગોઠવી દેતા સામેના રોડ પર લારી-ફેરિયાઓને છૂટોદોર મળી જતા અડધા રોડ પર અડિંગો જમાવી દેતા ભારે ટ્રાફિક સર્જાય છે ૧૦૦ મીટર દૂર આવેલી પોલીસ ચોકીમાં ફરજ બજાવત પોલીસકર્મીઓ અને ટીઆરબી જવાનો સમગ્ર તમાશો જોઈ રહે છે

મોડાસા ટાઉન પોલીસે બસ સ્ટેન્ડ સામે કડિયાવાડા રોડ પર જવાના માર્ગ પર બેરિકેડ લગાવી દેતા કડીયાવાડા રોડ પર આવેલી ૫ નામાંકિત હોસ્પિટલ અને ૮ થી વધુ ક્લિનિક પર સારવાર અર્થે આવનાર દર્દીઓને લિઓ પોલીસ ચોકી સુધી લાંબા થવું પડતુ હોવાથી ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો ઇમરજન્સી દર્દીઓને સારવાર માટે લઇને પહોંચતી એમ્બ્યુલન્સ અને ખાનગી વાહનો બેરિકેડ લગાવેલ હોવાથી ચક્કર કાપી હોસ્પિટલ પહોંચતા હોવાથી દર્દીઓને જીવ જોખમાઈ રહ્યા છે બસ સ્ટેન્ડ નજીક મોડાસા થી ધનસુરા તરફ જતી એસટી બસ અને ખાનગી વાહનો રોડ વચ્ચે ઉભા રહેતા આખો દિવસ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે બસ સ્ટેન્ડ થી કડિયાવાડા જતા કટ પર બેરિકેડ લગાવી દેતા લારી-ફેરિયા વાળાઓ અડધા રોડ પર અડિંગો જમાવી દેતા વાહનચાલકો અને રાહદારીઓ તોબા પોકારી ઉઠ્યા છે ટ્રાફિક સમસ્યા નિવારવા લગાવેલ બેરિકેડ તાત્કાલિક અસર થી દૂર કરવામાં આવેની માંગ પ્રબળ બની છે

બસ સ્ટેન્ડ થી કાડિયાવાડા રોડ જવાના કટ પર બેરિકેડ લગાવી દેતા કડિયાવાડા રોડ પર સારવાર લેવા આવતા દર્દીઓ અને તે વિસ્તારમાં રહેતા લોકોને બસ સ્ટેન્ડ જવું હોય તો છેક મોડાસા હાઈસ્કૂલ સુધી ચક્કર કાપવું પડતું હોવાથી વાહન ચાલકો રોંગ સાઈડ વાહન હંકારી બસ સ્ટેન્ડ પહોંચતા હોવાથી સતત અકસ્માતનો ભય સતાવી રહ્યો હોવાની સાથે રોન્ગ સાઈડ વાહનો પસાર થતા ટ્રાફિક સમસ્યા વધી રહી છે

### શારીરિક બિમારીની સારવાર માટે તબીબ પાસે જઈએ છીએ તો માનસિક બિમારી માટે કેમ નહિ ?? – ડો. નીમાબેન આચાર્ય

# ગુજરાત યુનિવર્સિટીના સાયકોલોજી વિભાગ અને ઇન્ડિયન સાયકિયાટ્રીક સોસાયટીના સંયુક્ત ઉપક્રમે 'સફર સપનાથી શિખર સુધી' વ્યાખ્યાનનું આયોજન કરાયું




કોરોના કાળમાં વ્યક્તિઓમાં ઉદ્ભભવેલા માનસિક આરોગ્ય સંલગ્ન સિટ્ગમા(કલંક)ને દૂર કરવા ગુજરાત યુનિવર્સિટીના સાયકોલોજી વિભાગ અને ઈન્ડિયન સાયકિયાટ્રીક સોસાયટીના સંયુક્ત ઉપક્રમે ગુજરાત યુનિવર્સિટી ખાતે 'સફર સપનાથી શિખર સુધી' વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત વિધાનસભાના પ્રથમ મહિલા સ્પીકર ડૉ. નીમાબેન આચાર્યે આ પ્રસંગે જણાવ્યું કે, માનસિક આરોગ્ય પર વાત થાય અને લોકો શારીરીક બિમારીની સારવાર માટે તબીબો પાસે જાય છે તેમ જ નિઃસંકોચ માનસિક બિમારીની પણ સારવાર મેળવે તે સમયની માંગ છે.

આજે ગુજરાત યુનિવર્સિટીના સાયકોલોજી વિભાગ અને ઈન્ડિયન સાયકિયાટ્રીક સોસાયટી દ્વારા વ્યાખ્યાનનું આયોજન કરીને માનસિક આરોગ્યલક્ષી નવતર પહેલ હાથ ધરવામાં આવી છે જે ઘણાંય પોસ્ટ કોવિડ દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે.

ડૉ. નીમાબેન આચાર્યે વિશેષમાં કહ્યું કે, કોરોના મહામારીમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ કોરોનામાંથી સાજા થઇ ગયા છતાં પણ મોટી સંખ્યામાં દર્દીઓ માનસિક તકલીફોથી પીડાઇ રહ્યા છે. જેમાંથી બહાર આવવા માટે તેઓને કાઉન્સેલીગ ની મદદ લેવા અનુરોધ કર્યો હતો. જરૂરિયાત સમયે મળેલી સાચી સલાહ અને માર્ગદર્શન જીવન જીવવાની સાચી રાહ ચિંધીને જીવનમાં નવઉર્જાનું સર્જન કરે છે. સમાજમાં ઘણી વખત માનસિક તકલીફથી પીડાઇ રહેલા લોકો સાથે ઓરમાયુ અને તોછડું વર્તન કરવામાં આવે છે. સમાજમાં રહેલી આ બદીઓને દૂર કરીને આવા વ્યક્તિઓને પ્રેમ અને હૂંફની લાગણીઓ આપવી જોઈએ.આ દિશામાં સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ ઉમદા કાર્ય કરી રહી હોવાનું જણાવી તેઓએ આ પ્રવૃતિઓને બિરદાવી હતી.

ડૉ. નિમાબેન આચાર્યે યુવાનો અને વિદ્યાર્થીઓને હરહંમેશ પ્રોત્સાહિત કરી તેમના ઉત્સાહમાં વધારો કરવાની સલાહ આપી હતી. તેઓએ સ્વામી વિવેકાનંદજીના દ્રઢ સંકલ્પ, આત્મવિશ્વાસ અને કઠોર પરિશ્રમના સફળતાના મંત્રને જીવનમાં સાર્થક કરવાની વિદ્યાર્થીઓને સલાહ આપી હતી.

આ પ્રસંગે શ્રી નરેન્દ્રભાઇ મોદીના મુખ્યમંત્રી પદના કાર્યકાળ દરમિયાન સર્વે ધારાસભ્યશ્રીઓને સફળ જાહેર પ્રતિનિધી બનવા સમયાંતરે આપેલી તાલીમના સંસ્મરણોને ડૉ. નીમાબેને વાગોળ્યા હતા.

ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. હિમાંશુ પંડ્યાએ ડૉ. નિમાબેન આચાર્યનું તેમની માતૃસંસ્થામાં અભિવાદન કરતા કહ્યું હતું કે, દેશના અનેક મહાપુરૂષોનાં ઘડતરમાં ગુજરાત યુનિવર્સિટીનો સિંહફાળો રહ્યો છે. આ સાંકળમાં વધુ એક કળી ગુજરાતના પ્રથમ મહિલા સ્પીકર તરીકે ઉમેરાઇ છે.

તેઓએ આ પ્રસંગે 'અન્યોને' નહી પરંતુ 'સ્વ' ને ગમતુ કાર્ય કરવાની સોનેરી સલાહ આપી હતી. જેના સંદર્ભમાં તેઓએ થોમસ આલ્વા એડીસન, ગ્રેહામ બેલના જીવનના સંઘર્ષો અને સફળતાના સંસ્મરણોને પ્રસ્તુત કર્યા હતા.

તેઓએ ગુજરાત યુનિવર્સિટી સતત ૪ વર્ષથી રાજ્યમાં રેટીંગ અને રેંકીંગમાં પ્રથમ સ્થાને રહી હોવાનું જણાવી આ સ્થાનને ટકાવી રાખવા માટેનું ગુણવત્તાસભર આયોજન અને વ્યવસ્થાપન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવ્યું હોવાનું કહ્યું હતુ.

આ સમગ્ર વ્યાખ્યાન મોટીવેશનલ સ્પીકર ડૉ.મૃગેશ વૈષ્ણવ અને ડૉ. પાર્થ વૈષ્ણવના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યું હતુ. જેમાં આ બંને મોટીવેશનલ સ્પીકર દ્વારા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને 'સપના થી શિખર સુધીની સફર' અને 'સોશિયલ મીડિયા કે શોષણ મીડિયા' સંદર્ભે વિચાર પ્રસ્તુત કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ઉપરોક્ત કાર્યક્રમમાં યુનિવર્સિટીના પ્રો-વાઇસ ચાન્સેલર શ્રી જગદીશભાઈ ભાવસાર, ઇન્ડિયન સાયકિયાટ્રીક સોસાયટીના પ્રમુખશ્રી, યુનિવર્સિટીના સાયકોલોજી વિભાગના વડા સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમિતસિંહ ચૌહાણ

### બ્રેઈનડેડ લવજીભાઈ ડાભી મૃત્યુ બાદ પણ અમર થઈ ગયા !

# લવજીભાઈની બે કિડની અને એક લીવર મળતા જરૂરિયાતમંદ દર્દીના જીવનમાં સુખનો સુરજ ઉગ્યો

મૃત્યુ બાદ પણ જીવંત રહેવું હોય કે અમર થવું હોય તો બ્રેઇનડેડ થયા બાદ અંગદાન થકી જ આ શક્ય છે ! મૃત્યુ બાદ શરીર પંચમહાભૂતમાં વિલીન થઇ જાય છે. પરંતુ બ્રેઇનડેડ-મૃત શરીરના અંગોનું દાન કરવામાં આવે તો અન્ય જરૂરિયાતમંદ વ્યક્તિના જીવનમાં ઉજાસ પથરાઇ જાય છે.બોટાદના બ્રેઇનડેડ લવજીભાઇના પરિવારજનોએ આ જ વિચારધારાને કેન્દ્ર સ્થાને રાખીને તેમના અંગોનું દાન કર્યું. આજે લવજીભાઇ અન્યોના શરીરમાં જીવંત છે ! બોટાદના ૬૦ વર્ષની વયજૂથના લવજીભાઇ છેલ્લા દોઢ મહિનાથી શરીરના વિવિધ અવયવોની તકલીફ થી પીડાઇ રહ્યા હતા. વળી તેમને એકાએક ઝાડા અને ઉલ્ટી પણ થવા લાગી. જેથી તેમના પરિવારજનો સારવાર અર્થે લીમડીની ખાનગી હોસ્પિટલમાં લઇ ગયા. પરિસ્થિતી વધુ ગંભીર બનતા તબીબોએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઇ જવા કહ્યું. પરિવારજનો લવજીભાઇને ૨૭ મી નવેમ્બરના રોજ સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઇ આવ્યા.જયા ૫ મી ડિસેમ્બરના રોજ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ



થયુ.હોસ્પિટલના તબીબો દ્વારા તેમને બ્રેઇનડેડ જાહેર કરવામાં આવતા સિવિલ હોસ્પિટલની SOTTO (State Organ And Tissue Transplant Organization) ની ટીમ દ્વારા પરિવારજનોને અંગદાન સંદર્ભે સમજૂતિ આપીને જાગૃત કરવામાં આવ્યા. લવજીભાઇના પરિવારજનોએ પણ આ પવિત્ર અંગદાન નું મહાદાન કરવાની સંમતિ દર્શાવતા તેમનું એપ્રીયા ટેસ્ટ કરવામાં આવ્યું. જે જરૂરી માપદંડમાં બંધ બેસતા ગત રોજ તારીખ ૬ ડિસેમ્બરના રોજ લવજીભાઇના અંગોનું દાન સ્વીકારવામાં આવ્યું.

લવજીભાઇના અંગોમાં ૧ લીવર અને ૨ કિડનીનું દાન મળ્યું છે. જેને જરૂરિયાતમંદ દર્દીના શરીરમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યું. જેના થકી તેમના જીવનમાં હવે ઉજાસ પથરાશે. સિવિલ હોસ્પિટલમાં થયેલ ૨૧ માં અંગદાન સહિત ની વિગતો આપતા સિવિલ સુપ્રીટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષી જણાવે છે કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અંગદાનની પ્રવૃત્તિ વેગ પકડી રહી છે. છેલ્લાં ૧૧ મહિનામાં સિવિલ હોસ્પિટલમાં ૨૧ લોકોના શરીરમાંથી મેળવેલા ૭૧ જુદા જુદા અંગથી જુદા જુદા ૫૭ લોકોના જીવ બચાવવામાં આવ્યા છે. હવે લોકોમાં અંગદાન પ્રત્યેની જાગૃકતામાં પણ વધારો થતો જોવા મળી રહ્યો છે. જેના પરિણામસ્વરૂપ અમદાવાદ શહેર અને રાજયમાં અંગદાનની પ્રવૃતિઓ વેગવંતી બની છે. અંગદાનના રીટ્રાવલ અને ત્યારબાદ તેના પ્રત્યારોપણ માટે જરૂરિ સાધન-સામગ્રી અને સુવિધાઓ રાજ્યના આરોગ્યમંત્રી અને સરકાર દ્વારા પૂરતી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જેના કારણે અંગદાનના રીટ્રાવલ અને પ્રત્યારોપણના સફળતાના પ્રમાણમાં પણ વધારો થયો છે. જે માટે અમારી સિવિલ હોસ્પિટલ અને SOTTO ની ટીમ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ અને સરકારની આભારી છે.

અમિતસિંહ ચૌહાણ

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં આમંત્રિતોની સરભરા મોંઘી પડશે

અમદાવાદ,તા.૮

એમિક્રોન વેરિયન્ટે સમગ્ર દુનિયા ગભરાટનો માહોલ પેદા કર્યો છે. આ નવા વેરિયન્ટે આખરે ગુજરાતમાં પ્રવેશ કરી લીધો છે. હવે રાજ્ય સરકાર વાઈબ્રન્ટ ગુજરાત સમિટ યોજવા વ્યસ્ત છે પણ અનેક સવાલો સર્જાયા છે. વિદેશથી આવતા ડેલિગેટસોને ફરજિયાત સાત દિવસ કવોરન્ટાઇન થવુ પડશે. આ કારણોસર ડેલિગેટ્સોએ વાઈબ્રન્ટ ગુજરાત સમિટના એક સપ્તાહ પહેલાં આવવુ પડશે.

પરિણામે આમંત્રિતો આઠ-દસ દિવસ ગુજરાતમા આવીને હોટલમાં પુરાઇ રહે તે શક્ય નથી.કદાચ આમંત્રિતો આવે તો ય ખાતરદારી મોંઘી પડે તેમ છે. ટૂંકમાં ગુજરાત વાઈબ્રન્ટ સમિટ પહેલાં જો અને તો વચ્ચેની સ્થિતી નિર્માણ થઇ છે. પાટનગર ગાંધીનગરમાં ય મહાત્મા મંદિર ખાતે વાઈબ્રન્ટ ગુજરાત સમિટની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ગુજરાત સરકારનુ આખુય તંત્ર ઉંધા માથે છે.

અત્યારે તો બધીય કામગીરી છોડી મોટાભાગના વિભાગના અધિકારીઓ વાઈબ્રન્ટ ગુજરાત સમિટના કામે લાગ્યા છે. હવે જયારે ગુજરાતમાં ઓમિક્રોન વેરિયન્ટનો કેસ નોંધાયો છે. ભારતમાં વધતા જતાં કેસોને પગલે ૧૧ હાઇરિસ્ક દેશોમાંથી આવતાં મુસાફરો માટે સાત દિવસ કવોરન્ટાઇન થવુ ફરજિયાત કરાયુ છે.

# અમદાવાદના એસજી હાઈવે ઉપર ૫ કિમી સુધી વાહનો અટવાયા

અમદાવાદ,તા.૮

અમદાવાદના પિક અવર્સમાં કેટલાક રોડ પરથી નીકળવુ મુશ્કેલ થઈ જાય છે. પિક અવર્સમાં અહી ટ્રાફિક વધુ સર્જાતો હોય છે. પરંતુ ક્યારેક આ ટ્રાફિકની સમસ્યા એવી જટિલ બની જતી હોય છે કે વાહનો કલાકો સુધી હટી પણ શક્યા નથી. બુધવારની સવાર એસજી હાઈવે પરથી પસાર થતા લોકો માટે કષ્ટદાયક બની રહી હતી. એસજી હાઈવે પર આજે અતિ ગંભીર ટ્રાફિક જામ સર્જાયો હતો. જેમાં ૫ કિલોમીટર સુધી ટ્રાફિક જામ સર્જાયો હતો.

એસજી હાઈવે પર ગોતા ફલાયઓવરથી સોલા રેલવે ઓવરબ્રિજ સુધી વાહનોની ૫ કિમી લાંબી લાઈન જોવા મળી. જેમાં હકડેઠઠ વાહનો ઉભા હતા, પણ તેઓ એક ડગલુ પણ આગળ હટી શકતા ન હતા.

# ગુજરાતમાં કોરોનાથી અધિકૃત મોત ૧૦,૦૯૫, જ્યારે વળતર માટે ૧૨ હજારથી વધુ અરજી આવી

અમદાવાદ,તા.૮

કોરોનાના કારણે મૃત્યુ પામનાર દર્દીઓના સ્વજનોને વળતર આપવાનુ કામ ગુજરાત સરકાર કરી રહી છે. રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટમાં માહિતી આપીને જણાવ્યુ કે સરકાર પાસે હાલમાં લગભગ ૧૨,૭૧૮ અરજીઓ આવી છે જેમાંથી ૬૫૧૫નો દાવો સ્વીકારવામાં આવ્યો છે અને ચૂકવણી પણ કરી દેવામાં આવી છે. રાજ્ય સરકારે જજોને ખાતરી આપી કે આ મુદ્દે એપેક્સ કોર્ટમાં વધુ સુનાવણી ૧૦ ડિસેમ્બરે થાય એ પહેલા બાકીની ચૂકવણી કરી દેશે.

ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા કોવિડ મોતનો અધિકૃત આંકડો ૧૦,૦૯૫ છે પરંતુ વધુ ૨૬૨૩ અરજીઓમાં કોવિડ-૧૯ની મોતનો દાવો કરવામાં આવ્યો છે. રાજ્યમાં કોવિડ વળતરનો મુદ્દો સતત ચાલી રહ્યો છે. નિષ્ણાતો માને છે કે કોવિડ-૧૯ના કારણે મૃત્યુ પામેલ લોકોની સંખ્યા વાસ્તવમાં વધુ છે. જેના કારણે રૂ.૫૦,૦૦૦નુ વળતર લેવા આવનારા પરિવારોની સંખ્યા પણ વધી શકે છે.

શહેરના એપિડેમિયોલીજીસ્ટે કહ્યુ કે, 'આનુ સીધુ કારણ એ જ છે કે રાજ્યમાં કોરોના મૃતકોમાં માત્ર એવી દર્દીઓનો સમાવેશ કરાયો છે જેઓ સંક્રમિત થયા ત્યારે તેમને અન્ય કોઈ બિમારી નહોતી. આઈસીએમઆરની ગાઈડલાઈનને ધ્યાનમાં રાખીને કોરોનાથી થયેલ મોત નક્કી કરવામાં આવ્યા છે. અન્ય દર્દીઓના મોતનુ કારણ હૃદય બંધ થઈ જવુ. રેસ્પિરેટરી ઈન્ફેક્શન, રીનલ ફેલ્યોર, મલ્ટી-ઓર્ગન ફેલ્યોર વગેરે ગણવામાં આવ્યુ છે. મૃતકોનો સાચો આંકડો તો સત્તાધીશોને સોંપાયેલી અરજીઓના વિશ્લેષણ બાદ જ સામે આવી શકે છે.'

અધિકૃત આંકડા મુજબ કોવિડ-૧૯ મોતનો આંકડો અમદાવાદમાં સૌથી વધુ(૩૪૧૧), સુરત(૧૯૫૭), વડોદરા(૭૮૮) અને રાજકોટ(૭૨૬) છે. ભૂતકાળમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોરોનાથી થયેલા મોતનો આંકડો છૂપાવવાનો કે ઓછો આંકવાનો દાવો કર્યો હતો. અગાઉ રુપાણીએ કહ્યુ હતુ કે, 'કોરોનાથી મૃત્યુની નોંધણી કરવાની પદ્ધતિ ICMR દ્વારા જ સૂચવી છે અને ગુજરાત સહિતના તમામ રાજ્યો તેનુ પાલન કરે છે. કોરોના સંક્રમિત થયેલા વ્યક્તિને અન્ય કોઈ બિમારી હોય અને સારવાર દરમિયાન તેનુ મૃત્યુ થયુ હોય તો અન્ય રાજ્યો પણ તેની નોંધણી કોરોનાથી મોત તરીકે કરતા નથી.' કોરોના મોતના વળતર ચૂકવવા મામલે ગુજરાતની નબળી કામગીરી પર સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરી હતી. ત્યારે સોમવારે ગુજરાત સરકારે વળતર ચૂકવવાની પ્રક્રિયામાં કરેલા સુધારા અંગે સુપ્રીમ કોર્ટે માહિતી આપી હતી. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને આદેશ આપ્યો હતો કે ડેથ સર્ટિફિકેટમાં મોતનુ કારણ જ એકમાત્ર માપદંડ નહિ તેવી જાહેરાત કરવામાં આવે.જસ્ટીસ એમ આર શાહ અને બીવી નાગરત્નાની ખંડપીઠે નિર્દેશ આપ્યા હતા કે, 'ઓનલાઈન પોર્ટલ, સૂચિત કરેલા ફોર્મેટ, દરેક જિલ્લા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની ગ્રીવન્સ રિડ્રેસલ કમિટીમાં વ્યાપક પ્રચાર થવો જોઈએ કે કોરોના મૃતકોના પરિવારજનોને પોઝિટિવ આરટી-પીસીઆર રિપોર્ટ અને ૩૦ દિવસની અંદર મૃત્યુ થયુ હશે તો વળતર ચૂકવામાં આવશે. ડેથ સર્ટિફિકેટમાં દર્શાવાયેલુ મોતનુ કારણ વળતર મેળવવા માટેનો એકમાત્ર માપદંડ નહિ હોય.' સુપ્રીમ કોર્ટના દબાણ બાદ રાજ્ય સરકારે વળતર ચૂકવવાની પ્રક્રિયામાં ફેરફાર કર્યો હતો. સુનાવણી દરમિયાન રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યુ કે તેમણે એક્સક્લુઝીવ ઓનલાઈન પોર્ટલ શરુ કર્યુ છે અને ૩ ડિસેમ્બરથી તે પબ્લિક ડોમેન પર પણ ઉપલબ્ધ છે.



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ આગામી જાન્યુઆરી ૨૦૨૨ માં યોજાનારા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ પહેલા દુબઈ રોડ શો માટે આજથી દુબઈ ના બે દિવસના પ્રવાસે ગુજરાત પ્રતિનિધિ મંડળ સાથે રવાના થયા છે.

શ્રી ભૂપેન્દ્ર પટેલ ને અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી દુબઈ જવા પહેલા રાજ્ય મંત્રી મંડળ ના મંત્રીશ્રી અર્જુન સિંહ,રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવી ,મુકેશ પટેલ તેમજ મુખ્ય સચિવશ્રી પંકજ કુમાર અને વરિષ્ઠ સચિવો એ ભાવભરી વિદાય આપી પ્રવાસની સફળતા ની શુભેચ્છાઓ પાઠવી હતી

## અમદાવાદ જિલ્લામાં ૭ ડિસેમ્બરના રોજ ૬ હજારથી વધુ લોકોને રસી અપાઈ

અમદાવાદ જિલ્લા આરોગ્ય શાખામાંથી પ્રાપ્ત માહિતી અનુસાર ૭ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ જિલ્લામાં કુલ ૬૯૫૭ નાગરિકોને રસી આપવામાં આવી હતી. જેમાં ૫૪૫ નાગરિકોને પ્રથમ ડોઝ, જ્યારે ૬૪૧૨ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામા આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં કુલ ૯૮ સેશનમાં આ રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

નોંધપાત્ર બાબત એ છે કે અમદાવાદ જિલ્લાના ૪૬૫ ગામડાઓમાં ૧૦૦ ટકા રસીકરણ થઈ ચૂક્યું છે.

# વિરોધ પક્ષના કોઈ નેતા ના હોવાથી અવાર નવાર કોંગ્રેસ હાંસીને પાત્ર બને છે : પૂર્વ વિપક્ષ નેતા

અમદાવાદ,તા.૮

અમદાવાદ મનપામાં વિરોધ પક્ષના નેતાનું પદ છેલ્લા ૧૦ મહિનાથી ખાલી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ને આશરે એક વર્ષ જેટલો સમય થવા આવ્યો છે. છતાં પણ કોંગ્રેસ આ પદ પર કોઇની નિયુક્તિ કરવામાં અસમર્થ રહી છે. અને જેને પગલે અમદાવાદ માનપમાં કોંગ્રેસમાં ચાલતો જુથવાદ સપાટી પર આવ્યો છે.

પૂર્વ વિપક્ષ નેતા કમળા બેનના જણાવ્યા અનુસાર વિરોધ પક્ષના કોઈ નેતા ના હોવાથી અવાર નવાર કોંગ્રેસ હાંસીને પાત્ર બને છે. ટૂંકસમયમાં મનપાનું બજેટ સત્ર પણ શરૂ થશે. ત્યારે કોંગ્રેસના કોર્પોરેટરોમાં વિરોધ પક્ષના નેતાને લઈ માંગ તીવ્ર બની છે. જેને પગલે કોંગ્રેસ પાર્ટીના ૧૪ કોર્પોરેટરો નવા પ્રદેશ પ્રમુખને મળવા દોડી ગયા હતા.

ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસનો કારમો રકાસ થયો હતો. અને કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભાના વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી વિગેરી પોતાના પદ ઉપરથી રાજીનામાં આપ્યા હતા. જો કે તેમના રાજીનામાનો સ્વીકાર કરવામાં આવ્યો ના હતો.પરંતુ હવે આગામી વિધાનસભાની ચૂંટણી પણ નજીક આવી રહી છે. ત્યારે કોંગ્રેસ પણ જાણે ઊંઘમાંથી જાગી હોય તેમ ગુજરાત પ્રભારી તરીકે ડૉ રઘુ શર્માની નિમણૂંક કરવામાં આવી હતી, અને બાદમાં ગુજરાત માટે પ્રદેશ પ્રમુખની વરણી કરી હતી. જગદીશ ઠાકોરને ગુજરાત રાજયના નવા પ્રદેશ પ્રમુખ બનાવ્યા છે. વિધાનસભા વિપક્ષ નેતા પદે સુખરામ રાઠવાને જવાબદારી સોંપવામાં આવી છે. ત્યારે અમદાવાદ માનપાન કોંગ્રેસના કેટલાક કોર્પોરેટર નું જુથ પ્રદેશ પ્રમુખને મળવા દોડી ગયું હતું. અને મનપામાં વિરોધ પક્ષના નેતાની નિયુક્તિ કરવા બાબતે રજૂઆત કરી હતી.

# ગુજરાત સરકારે એક ઝાટકે ૨૩ ક્લાસ-૧ અધિકારીઓની બદલી કરી

ગાંધીનગર,તા.૮

રાજ્ય સરકાર દ્વારા દિવાળી સમયે જીએએસ કેડરના ૮ અધિકારીઓની બદલીના આદેશ આપી દીધા હતા . જે બાદ આજે ગુજરાત વહીવટી સેવા વર્ગ ૧ ( જુનિયર સ્કેલ) તરીકે ફરજ બજાવતા અધિકારીઓની બદલી કરી નાખવામાં આવી છે.

તાત્કાલિક અસરથી એક સાથે જીએએસ કેડરનાં ૨૩ ક્લાસ વન અધિકારીઓની બદલી અને ૮ ક્લાસ વન અધિકારીઓની નિમણૂકનાં આદેશ પંચાયત વિભાગ દ્વારા આપી દેવામાં આવ્યા છે આ અંગે જે તે વિભાગના અધિકારીઓને પરિપત્રથી જાણ કરવામાં આવી છે સાથે જ નિમણૂક હેઠળના અધિકારીઓના નિયંત્રણ અધિકારીઓએ સંબંધિત અધિકારીઓને તાત્કાલિક ફરજમુક્ત કરીને નવી નિમણૂકની જગ્યાએ હાજર થવા ઓર્ડર આપી દેવાયા છે.

મહત્વનું છે કે અગાઉ પણ રાજ્યમાં અધિકારીઓની બદલી અને બઢતીનો કરવામાં આવી હતી જેમાં રાજ્યના જીએએસ કેડરના ક્લાસ-૧ ના ૨૧ અધિકારીઓને બઢતી આપવામાં આવી હતી. જ્યારે આ અધિકારીઓને સિનિયર સ્કેલ(લેવલ ૧૨)માંથી સિલેક્શન સ્કેલ(લેવલ ૧૩)માં મુકવામાં આવ્યા હતા. ત્યારે વધુ એક વાર રાજ્યમાં વહીવટી કેડરના ૧૬ અધિકારીઓને આઈએએસ તરીકે બઢતી મળી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.